RAJIYA BEGUM

VIMAVALA I. M.



સ્ત્રી:શક્તિ–ગ્રંથમાળા

સટ પહેલો:		સટ ત્રીજો:	
૧ વંધ્યા	૦–૪	૨૧ હાસ્યકલાપ (રમુજી)	૧–૮
૨ કાકી	૦–૩	૨૨ દેવી ચૌધરાણી	૧–૮
૩ કાયદામાં સ્ત્રીનું સ્થાન	૦-૩	૨૩ વીર રાજા	૧–૦
૪ અર્ધાંગના (વાર્તા)	૦–૪	૨૪ હાસ્ય ઝરણાં (રમુજી)	૧–૮
૫ ગૃહવ્યવસ્થાની વાતો	૦-૬	૨૫ "જરા રહો મૂકજો"	૧–૦
૬ [illegible]		[illegible]	

૧૮ [illegible]	૦–૮	૩૮ દામ્પત્ય જીવન	૨-૮
૧૯ ભૂતના ભડકા (વાર્તા)	૧–૮	૩૯ વહેમી પતિ	૦-૩
૨૦ વિષવૃક્ષ	૧–૮	૪૦ આરોગ્ય અને સુખ	૦-૬
આખો સટ રૂા. ૬–૩–૦		**આખો સટ રૂા. ૪–૧૩–૦**	

રસિયા પ્રેગામ

લેખક

શ્રી ઈશ્વરલાલ વીમાવાળા



સ્ત્રી સાહિત્ય મંદિર, સુરત.

આવૃત્તિ પહેલી
ઈ. સ. ૧૯૪[illegible]
સંવત ૧૯[illegible]

તમારી
સખીઓ
બહેનો
પુત્રીઓ
વહુઓ
સૌ કોઈને સ્ત્રીશક્તિ
ગ્રંથમાળાનાં પુસ્તકોજ
ભેટ આપો

ઈશ્વરલાલ વીમાવાળાનું
સ્ત્રીશક્તિ કાર્યાલય
કેળાપીઠ, સુરત.

દેશબંધુ મુદ્રણાલય, કેળાપીઠ, સુરતમાં ઇશ્વરલાલ
એમ. વીમાવાળાએ છાપ્યું અને ત્યાંથીજ પ્રગટ કર્યું.

બે બોલ

હિંદના ઇતિહાસમાં રઝિયા બેગમનું નામ અને સ્થાન અનોખું છે. એ વીરાંગના એવા જમાનામાં થઇ ગઇ કે જે સમયે સ્ત્રીઓને જરા પણ સ્વાતંત્ર્ય અપાતું નહોતું—એટલુંજ નહિ, પણ સ્ત્રીઓને સ્વાતંત્ર્ય આપવાની કલ્પના પણ કોઈ કરી શકતું ન હતું. એવા જમાનામાં રઝિયા એક વીર નારી જીવન જીવી ગઇ, એ એને માટે ઘણુંજ પ્રશંસા યુક્ત છે.

સાચું કહીએ તો રઝિયા એક વીર નારી માત્રજ ન હતી. એ તો હતી સ્ત્રીના સ્વાતંત્ર્ય યજ્ઞનું પહેલું બલિદાન! પહેલામાં પહેલું ને મોંઘામાં મોંઘું બલિદાન એ રઝિયા હતી.

કારણ કે સ્ત્રીઓના જીવન પર મૂકાયલા સામાજિક પ્રતિબંધોની સામે થવામાં જ એણે પોતાનું સમગ્ર જીવન અને જીવનશક્તિ ખરચ્યાં હતાં. અને એ સ્વાતંત્ર્ય યુદ્ધમાં લડતાં લડતાં એણે પોતાના જીવનનું બલિદાન આપ્યું!


રઝિયા મુસ્લિમ કોમમાં થઈ ગઇ. મુસ્લિમ કોમે પોતાના નારી વર્ગને હંમેશાં ખૂબ પછાત રાખ્યો છે. સ્ત્રીઓથી બહાર સમાજમાં ફરાય નહિ, સ્ત્રીઓથી કોઇ જાહેર કાર્યમાં, કોઇ સેવા

પ્રવૃત્તિમાં પણ કશો ભાગ લેવાય નહિ, સ્ત્રીઓ ધર્મકાર્યમાં પણ ભાગ લઇ શકે નહિ, એવાં સૂત્રો એની સામે મૂકવામાં આવ્યાં છે. જો મુસ્લિમ કોમને બદલે બીજી કોઇ કોમમાં રઝિયા થઇ ગઇ હોત તો એને એના જીવનકાર્યમાં ઘણી સારી યશપ્રાપ્તિ થઇ હોત—કદાચ તેણે પોતાની પાછળ અન્ય સ્ત્રીઓ માટે સારો જીવન આદર્શ મૂક્યો હોત. કદાચ તેનું સુંદર સ્મારક આજ પર્યંત અસ્તિત્વમાં હોત.

પરંતુ મુસ્લિમ કોમે એ વીર નારીનું જરાયે સ્મારક કર્યું નથી. એ ઘણાજ અફસોસની વાત છે. આજ કાલ મુસ્લિમ બહેનો જાહેર જીવનમાં ભાગ લેતી થઇ છે. તેમની બાળાઓ સારા પ્રમાણમાં શિક્ષણ લેતી થઇ છે. તેઓ ધારે તો વીરાંગના રઝિયાને માટે સુંદર સ્મારક રચી શકે અને તેના આદર્શને અનુસરવા પ્રયાસ કરી શકે. દરેક કોમે પોતપોતાની મહાન વ્યક્તિઓનાં સ્મારકો કરવાં જ જોઇએ. તેમ કરે તોજ તેની ભાવિને ઉંચો આદર્શ પ્રાપ્ત થઇ શકે.

ગુજરાતની વાંચક બહેનો, હિંદુ મુસ્લિમ કે બીજા કોઇ પણ ધર્મની બહેનો રઝિયાના જીવનનું સારતત્વ સમજીને ગ્રહણ કરે અને તેને પોતાના જીવનમાં ઉતારે એટલી જ આ જીવન ચરિત્ર રચવામાં અને પ્રગટ કરવામાં મહેચ્છા છે.

ડી. વા.




ઉપહાર
બેટા, રજિયાના જીવનચરિત્રની આ ચોપડી હું તને ભેટ
છું. એ વાંચીને તું રજિયાના જેવી નીડર અને હિંમતવાળી
સ્વજન અને સ્વદેશની સેવાને તારો ધર્મ સમજજે. સુખી
નરહરિ

રઝીયા બેગમ

પ્રકરણ ૧ લું

રઝીયાનો જમાનો

દિલ્હીની ગાદી પર બેસી અડધા ભારતવર્ષમાં રાજ્ય કરનાર મુસ્લીમ વીરાંગના રઝીયા બેગમનું નામ તો ઘણીક બ્હેનોએ સાંભળ્યું હશે. હિંદુસ્થાનના ઇતિહાસમાં એ વાત બહુ મોખરે આવે છે. સામાન્ય રીતે હિંદનો ઇતિહાસ શાળાઓમાં શીખવાય છે તે ઇ. સ. ૬૦૦ ની સાલથી શીખવાય છે. એ સાલના અરસામાં મુસલમાનો હિંદમાં આવવા લાગ્યા. તેમણે ઉત્તર હિંદના હિંદુ રાજાઓ પર હુમલા કરવા માંડયા. તેમણે ત્યાંનો કેટલોક પ્રદેશ જીત્યો. મહમદ ગીઝની, મહમદ ઘોરી

વગેરેનું આગમન થયું. ગુલામવંશનો કુતુબુદ્દીન દિલ્હીની ગાદીએ બેઠો, વગેરે વાતો હિંદના ઇતિહાસમાં શરૂઆતમાં આવે છે અને તે પછી તરતજ રઝીયા બેગમ, જગતભરની સૌથી પહેલી સમ્રાજ્ઞી રઝીયા બેગમનું નામ દરેક વિદ્યાર્થીને કાને ચઢે છે. તેઓ જાણે છે કે દિલ્હીની ગાદીએ એ મહારાણીએ બહુ અલ્પ વખત રાજ્ય કર્યું. પછી તે લોકોની અંધશ્રદ્ધા અને ધર્માંધતાનો ભોગ બની ગઈ. જે લોકોએ તેને ગાદીએ બેસાડી હતી, તેજ લોકો તેની સામે પડયા. તેમણે એને કેદ કરી અને કેદમાંજ તે રીબાઇને મરણ પામી.

થોડુંક ભણેલી બહેનો, ચાર છ ચોપડી ભણેલી વિદ્યાર્થિનીઓ પણ વીરાંગના રઝીયા બેગમની આટલી વાત જાણતી હશે. પણ એ તો ઉપલક કથા છે. આજે આપણે એ મહાન બેગમના જીવનમાં વિસ્તૃત રીતે પ્રવેશ કરવા યત્ન કરીશું. રઝીયા બેગમનો જમાનો બહુજ વિચિત્ર હતો. એ જમાનો બહુજ ધર્માંધ હતો. એ જમાનામાં કોઈ માણસ એવી કલ્પના પણ કરી શકતું ન હતું કે વીસ પચીસ વર્ષની એક યુવતીને ખભે એક મોટું સામ્રાજ્ય ચલાવવાનો ભાર નાંખી શકાય ! એ બનેજ કેમ ? એવી નાની ઉમ્મરની વ્યક્તિ અને તેય સ્ત્રી જાત એવી જવાબદારી કે એવો ભારે હોદ્દો ધરાવી જ કેમ શકે ? એક સ્ત્રીને મિલ્કત સોંપાય જ કેમ ? ખાનદાન સ્ત્રીથી પડદા વગર

બહાર નીકળાયજ કેમ? સ્રીને વળી ધર્મ કેવો? સ્રીના હાથમાં પૈસો કેવો? સ્રીને વળી સત્તા કેવી? સ્રીના હાથમાં પૈસો મૂકીએ તો તે અનીતિ આચરીને વંઠી જાય, સ્રીના હાથમાં સત્તા આપીએ તો તે બીજાનું સત્યાનાશ કાઢે, સ્રીને ધર્મકાર્યમાં સાથે રાખીએ તો તે પાપમાં પડે ને તેને સાથે રાખનાર પણ પાપમાં પડે. સ્રી એટલે પુરૂષની ગુલામડી, તેની સેવા કરનારી કાયમની દાસી–એનાથી કોઇને મોઢું ન બતાવાય, એનાથી ઘરની બહાર ન નીકળાય–એવી એવી માન્યતાઓ જે સમયે ખૂબ જોરમાં પ્રવર્તતી હતી તે જમાનામાં રઝીયા બેગમ જન્મી હતી. એણે તે જમાનામાં ચક્રવર્તી બનીને રાજ્ય ચલાવ્યું. અને તે જ જમાનાના ભયંકર અને જંગલી વિરોધો સામે તે નીડરતાથી મરણ પર્યંત ઝૂઝી! એ બધી દૃષ્ટિએ આપણે જ્યારે વીરાંગના રઝીયાનો વિચાર કરીએ છીએ ત્યારે આપણા હૃદયમાંથી એને માટે પ્રશંસાના ઉદ્દગારો નીકળ્યા વગર રહેતા નથી.

જો એજ રઝીયા આજના જમાનામાં જન્મી હોત તો?

આજે સ્રીઓને માટે આપણા દેશમાં તેમજ અન્યત્ર વિશાળ ક્ષેત્ર ખુલ્લું થયેલું છે. આજે તેમને નોકરીનાં, કળા કૌશલ્યનાં, અને સ્વ–પરાક્રમ બતાવી આપવાનાં અનેક ક્ષેત્રો મળી શકે તેમ છે. આજે કોઇ

તેમને તે સ્ત્રી છે માટે અમુક સ્થળે ન આવે કે અમુક ઓધ્ધો ન ધરાવી શકે એવી વાતો કહીને તેમના માર્ગમાં અવરોધ કરી શકતું નથી. યોગ્યતાવાળી સ્ત્રીઓ દેશના ઉંચામાં ઉંચા ઓધ્ધા સુધી જઈ શકે છે અને એવી સન્નારીઓની આસપાસના ભલભલા માણસો, પુરૂષો તેમની આગળ મસ્તક નમાવતાં જરા પણ સંકોચ રાખતા નથી—

—એ આજના જમાનામાં વીરાંગના રઝીયા જન્મી હોત તો ?

તો—બીજાં અનેક કાર્યો ને પરાક્રમો એ રઝીયાએ કર્યાં હોત. તેનો ઉલ્લેખ કરવો છોડી આપણે ટુંકમાં એટલું તો જરૂર કહી શકીએ કે તેરમી સદીની એ ઐતિહાસિક રઝીયાની પેઠે માત્ર સાડા ત્રણ વરસમાં જ એની કારકીર્દિ સમાપ્ત થઇ ગઇ ન હોત.

પ્રકરણ ૨ જું.

અલ્તમશની ઇચ્છા

હવે આપણે રઝીયા બેગમની જીવનકથા તપાસીશું.

વીરાંગના રઝીયા તે દિલ્હીના ગુલામવંશના બાદશાહ અલ્તમશની પુત્રી થાય. તે એની પ્રથમ સંતાન હતી. અલ્તમશને પુત્રો હતા. પરંતુ તેઓ રઝીયા કરતાં નાના હતા. એટલું જ નહિ પણ તેમનામાં રાજકારભાર ચલાવવાની કાબેલીયત જરા પણ ન હતી. તેના પિતા અલ્તમશ પણ એ વાત જાણતા હતા. અને તેઓ હંમેશ પોતાના અમીર ઉમરાવોને એ વાત કહ્યા કરતા: કે મારા બેટાઓ કરતાં બેટી રઝીયા ઘણી જ હુશીયાર અને કાબેલ છે. દિલ્હીનું રાજ્ય ચલાવવાને માટે એજ વધારે લાયક છે. જો તમે બધા સંમતિ આપો તો મારી હયાતિ બાદ મારી રઝીયાને જ હું રાજગાદીની લગામ આપવા ઇચ્છું છું.

એ સાંભળી એના અમીર ઉમરાવો કહેતા—

“આપ એવું શું બોલો છો નામવર? શાહજાદી

રઝીયા બહુજ કાબેલ છે, પરાક્રમી છે છતાં આખરે પણ તે સ્ત્રી જાત છે. આપણા ધર્મમાં ઓરત જાતને કોઈ પણ પ્રકારની સત્તા કે મિલકત આપવાની મનાઈ છે. તો પછી રાજદંડ જેવી ભારે સત્તા તેને આપી શકાય જ કેમ?

તેમનું આવું બોલવું સાંભળીને સુલતાન અલ્તમશ બહુ નિરાશ થતા. તેઓ પોતાના પુત્રોની નિર્બળતા જાણતા હતા એ પુત્રો અતિશય લાડમાં અને રંગીલાપણામાં ઉછર્યા હતા. એની માતા એક બહુ જ હલકી કોટિના કુટુંબમાંથી આવેલી હતી. સુલતાન પોતે રાજકાજમાં મશગુલ રહેતા. તેમને પોતાના પુત્રોની કેળવણી ઉપર લક્ષ આપવાનો સમય જ મળતો ન હતો. તેઓ તેમની માની સાથે રહેતા હતા. એ મા ઘણા જ ખરાબ સ્વભાવની હતી. એનું નામ શાહતુર્કાન હતું. તે બહુ જ દ્વેષિલી અને કિન્નાખોર હતી. એની વધુ વાતો પાછળથી આવશે.

એ માતાની છાયામાં ઉછરતા સુલતાન અલ્તમશના શાહજાદાઓ પાસેથી ઝાઝી આશા રાખી શકાય તેમ ન હતું. એની એક માત્ર આશા રઝીયા હતી. રઝીયા ઉપર એને અત્યંત વહાલ હતું. રઝીયાની બુદ્ધિ કુશાગ્રતા જોઇને એનું હૈયું વેંત વેંત ઉછળતું. રઝીયાનાં પરાક્રમોની વાતો સાંભળી સાંભળીને એની છાતી ગજ ગજ ઉછળતી. રઝીયા ઘોડે બેસતી, રઝીયા શિકારે

જતી, રઝીયા કોઇની પણ શરમ સંકોચ રાખ્યા વગર ગમે તેવા અમીર ઉમરાવને પણ ખખડાવીને જવાબ આપતી. પોતાથી કાંઇ ખોટું થયું હોય તો તે નીડરપણે કબૂલ કરતી. અને તે વેળા અસત્યનો એક છાંટો પણ ઉમેર્યા વગર પોતાની ભુલ માટે ક્ષમા માંગતી. પણ જયારે પોતાના હાથ નીચેનું કોઈ માણસ કાંઇ ભુલ કરતું ત્યારે રઝીયા તેની સાથે સખત હાથે કામ લેતી. કોઇ કોઇ વાર તો તે પોતાના નોકરોને તમાચો પણ મારી બેસતી. એ બધા એના ગુણોને લીધે જ સુલતાન અલ્તમશને પોતાનું રાજસિંહાસન એ દીકરા સમી દીકરીને સુપરત કરી જવાની ભારે હોંસ હતી.

અને એને એવી હોંસ હોય જ એ સ્વાભાવિક હતું. એણે પોતાનું રાજ્ય મહા મહેનતે અને જીવનું જોખમ વેઠીને પ્રાપ્ત કરેલું હતું. સુલતાન કુતુબુદ્દિન મરી ગયો ત્યાર પછી તેનો પુત્ર ગાદીએ બેઠો. તેણે માત્ર એકજ વરસ રાજ્ય કર્યું–ઈ. સ. ૧૨૧૦ થી ૧૨૧૧. એ તદ્દન નાલાયક હતો. અલ્તમશનો એ સાળો થાય. પોતાનો સાળો રાજવી છતાં રાજપદની જવાબદારીઓ કશી સમજતો નથી, અને ઉલટું એશઆરામમાં જીવન ગુજારે છે એવું જોઇને અલ્તમશે પોતાની પત્ની તથા બીજા અમીર ઉમરાવોને સમજાવીને રાજકારભાર પોતે હાથમાં લઈ લીધો. તેણે શાહજાદાને રાજધાનીમાંથી દૂર કરી બધી સત્તા પોતે ધારણ કરી.

મોઝીલા બાદશાહના વહીવટમાં કેટલાક સુબેદારો દિ-લ્હીની ઉપરવટ ફુગાવી દેવાને માટે તૈયાર થઈ ગયા હતા. તેમને અલ્તમશે જબ્બર હાથે દાબી દઇને તાબે કર્યા. એ જોઈ બીજા ઢચુપચુ ઉમરાવો પણ અલ્તમ-શની કુશળતા અને ધાકથી હે ખાઇ ગયા. તેઓ પણ તાબે થયા.

પોતાના કાંડા બાવડાના પરાક્રમથી પ્રાપ્ત કરેલા આ સામ્રાજ્ય ઉપર અલ્તમશને ઘણી મમતા હતી. તે પોતાનું રાજ્ય એવી વ્યક્તિને સોંપી જવા ઇચ્છતો હતો કે જેના હાથમાં તે આખું ને અભંગ ટકી રહે. તે જાણતો હતો કે હું મારા શાહજાદાને ગાદી સોંપીશ તો તેના તાબામાં કોઈ અમીર ઉમરાવો રહેશે નહિ. દરેક સુબેદાર પોતાનો વાવટો જુદો ફરકાવશે. અને આખરે બધા સામા પડીને શાહજાદાને ગાદી પરથી ઉઠાડી મૂકશે. પોતે જેમ કુતુબુદ્દિનના શાહજાદાને કર્યું હતું તેવું જ વર્તન પોતાના અમીરો પોતાના શાહજાદા સાથે ન કરે તે માટે પહેલેથી જ ચેતી જઈને સુલતાન અલ્તમશ રઝીયાને ગાદી આપવા માંગતો હતો.

ને પોતાની એ ઇચ્છા તેણે પોતાના જીવનના છેવટના ભાગમાં મક્કમપણે જાહેર કરી !

પ્રકરણ ૩ જું

બાપ-દીકરી

સુલતાન અલ્તમશે ગ્વાલિયર ઉપર લશ્કર લઈને ચઢાઇ કરી હતી. ત્યાંના સુબાએ ગયા વરસની બાકી ખંડણી હજુ ભરી ન હતી, અને તેની ઉઘરાણીના મોકલેલ રૂક્કાનો જવાબ પણ વાળ્યો ન હતો. રઝીયાએ આ જોયું.

અને જોતાંને વાર તે સમજી ગઈ કે ગ્વાલિયર-વાળાની દાનત ખોરી જણાય છે. અચાનક હલ્લો કરીને તેને દબાવી દેવો જોઇએ—એમ તેણે પિતાને જણાવ્યું.

સુલતાને દીકરીના બુદ્ધિ ચાતુર્યની કસોટી કરવાના વિચારથી કહ્યું—

"હવે એ તો આવશે. કોઇક વાર રાજ્યને મુ-શ્કેલી પડતી હોય ત્યારે ખંડણીનો લાગો મહિનો બે

મહિના મોડો વહેલો પણ આવે. અથવા તો કોઈક વાર ચોમાસું બરાબર ન વરસે તો પછીને વરસે એવડી પણ આવે......"

રઝીયા તરતજ બોલી ઉઠી—

"ના જી. મને તો આમાં ચાલબાજી દેખાય છે. સુબા નિઝામીનું ભરવાનું નાણું પોતાની પાસે રોકી રાખીને એ નામોદાર સુબો અને લશ્કર ભરતી કરતો ન હોય એ શી ખાત્રી? માટે એની સામે સત્વર પગલાં લેવાં જોઈએ."

બાદશાહે દીકરીના મગજનો કયાસ કરવાના ઇરાદાથી કહ્યું—

"કદાચ એ વાત સાચી પણ હોય...તો પછી ઘોડેસ્વાર મુસાફર મોકલીને એ બાબતની તપાસ કરાવો."

રઝીયા રાજ્યકાજની બધી બાબતમાં માથું મારતી. તે બધો પત્ર વહેવાર જાતે વાંચતી. કેટલીક વાર વજીરો કોઈ કોઈ બાબતો તેનાથી છુપાવતા. તે જ્યારે એને માલમ પડતું ત્યારે એ તેમની સાથે ખૂબ ખખડાવીને લડી પડતી. એમ કરતી વખતે પોતાના પિતાની હાજરી હોય તોપણ તે જરાય સંકોચ પામતી નહિ. એટલુંજ નહિ, પણ કેટલીક વાર તો તે પોતાના પિતાની સાથે પણ લડતી.

ઉપરોક્ત કિસ્સામાં પિતાએ ઘોડેસ્વાર મુસાફર

મોકલીને તપાસ કરવાની સૂચના કરી તે રઝીયાને કાંઈ ગમી નહિ. તે જરા ચીડવાઈને બોલી ઉઠી—"આબાજાન, તમે આમ ઢીલી ઢીલી વાત કેમ કરો છો? પહેલે દિવસે માળવાના સુબેદારની વાત હતી ત્યારે તમેજ કહ્યું હતું કે ઉગતા રોગ અને શત્રુને તો તેના અંકુરમાં જ ડામવો, તેને જરા પણ માથું ઉંચું કરવા દેવું નહિ. તો પછી આજે તમે કેમ આટલી બધી ઉદાસતા બતાવો છો? જો તમે થાક્યા હો તો મને લશ્કર આપી લડવા મોકલી આપો. પરંતુ આપની આવી મોળી યોજના મને તો પસંદ પડતી નથી......"

"શી મોળી યોજના?" તેના પિતાએ સુલતાને પૂછ્યું.

"આ ગુપ્તચર મોકલવાની યોજના." રઝીયા તેજ ગુસ્સાથી બોલી—

"મારો તો એવો અભિપ્રાય છે કે જે સુબેદાર ટાઇમસર વાર્ષિક ખંડણીનાં નાણાં આપણી તિજોરીમાં મોકલી નહિ આપે તેના પર તરતજ હલ્લો કરી અને આપણે તેને જેર કરી દેવો જોઇએ. આ કામમાં જરાયે આળસ કરવું જોઇએ નહિ."

સુલતાને જોયું કે દીકરીએ બરાબર અભિપ્રાય આપ્યો હતો. એણે જે ઢીલ મૂકી હતી તે તો માત્ર રઝીયાની તુલનાશક્તિનો ક્યાસ કાઢવા પૂરતી જ હતી. ગ્વાલીયરના સુબાને દાબી દેવાના તેણે પોતાના મનમાં

નિશ્ચય કર્યો જ હતો. અને તેણે જોયું કે પુત્રી રઝીયાએ પણ સંજોગોનો બરાબર તોલ કર્યો હતો.

બીજેજ દિવસે તે થોડુંક લશ્કર અને પુત્રી રઝીયાને સાથે લઇને ગ્વાલિયર તરફ ઉપડી ગયો.

પ્રકરણ ૪ થું

મોલવીજી

ગ્વાલીયરનો ગઢ જીતવામાં સુલતાન અલ્તમશને ઝાઝી વાર ન લાગી. તેણે ઓચિંતો હલ્લો કર્યો હતો એટલે ગ્વાલીયરના સુબાને એની ચઢાઇની ખબર પડે અને તે એની સામે થવાને માટે કાંઈ પણ બળ એકઠું

કરે તે પહેલાં જ અલ્તમશ તેના કિલ્લામાં લશ્કર સાથે ધુસી ગયો. દરવાન લોકો એનું લશ્કર જોઈને જ ગભરાયા અને જીવ લઈને આમતેમ નાસવા લાગ્યા. એક બે સામે થયા તેમને રઝીયાએ પોતાની તલવારના ઝાટકાથી પૂરા કરી નાંખ્યા.

તેમનું લશ્કર ગ્વાલિયરના દરબારગઢ–રાજમહેલમાં પહોંચ્યું ત્યારે સુબો મઝેથી બપોરની નિદ્રામાં પોઢી ગયો હતો. હજુરીઆઓએ તેને ઉંઘમાંથી જગાડ્યો. એટલામાંજ સુલતાન અને રઝીયા તેના ખંડમાં ધસી આવ્યાં. સુબો ગભરાયો અને તેમની આગતાસ્વાગતા કરવાને પ્રયત્ન કરવા લાગ્યો. કારણ કે ગમેતેમ પણ તેનામાં દિલ્હીપતિ જેવા સમ્રાટની સામે થવાનું બળ ન હતું. તેણે તરતજ ખંડણી વેળાસર મોકલી આપવાનું કબૂલ કર્યું અને આગલા વરસની બાકી હતી તે તો તેણે પોતાનાં અંગત નાણાં કાઢીને તેમજ પોતાની બેગમો, નોકરો વગેરેનાં અંગત નાણાં ભેગાં કરીને ભરપાઈ કરી આપી.

રઝીયાએ તેને આવી બેદરકારી માટે ખૂબ ઠપકાર્યો અને ફરીવાર ઢીલ થશે તો સુબેદારી ખૂંચવી લેવામાં આવશે એવી તાકીદ આપી. પછી પિતા પુત્રી બેઉ સાથે પાછાં ફર્યાં.

× × × ×

ગ્વાલીયરથી પાછા ફર્યા પછી એક દિવસ રઝીયાના

જીવનમાં એક મહત્વનો બનાવ બન્યો.

દરબારના મોલવીજી કોઈ કોઈ વાર રાજમહેલમાં આવી રાજકુટુંબનાં માણસોને પ્રવચન સંભળાવતા તેમજ આશિર્વાદ આપતા. એક વાર તેમણે આવીને કુરાને શરીફ પઢતા પઢતાં રઝીયાનું ધ્યાન ખેંચાય અને તે સાંભળે એવી રીતે કહ્યું—કે કન્યાઓએ ઉમ્મરમાં આવ્યા પછી કદિ કોઈ પુરુષનો સ્પર્શ કરવો નહિ. [illegible] પોષાક ધારણ કરવો નહિ. કદિ કોઈને પોતાનું મુખ બતાવવું નહિ. અર્થાત્ પડદામાંજ રહેવું, વગેરે.

આ પ્રવચન સાંભળીને રઝીયા જરા ચોંકી ઉઠી. તેણે એક તીક્ષ્ણ નજર મોલવીજી તરફ નાંખી. એ નજરથી એણે તેને જણાવી દીધું કે તમે શું કહેવા માંગો છો તે હું સમજી ગઈ છું. મોલવી જરા તો [illegible]. પરંતુ રઝીયાની નજર સામે તે પોતાની [illegible] નજર ટકાવી શક્યો નહિ. રઝીયાની તેજદાર આંખોમાં[illegible] તણખા ઝરતા તેને લાગ્યા, તેને લાગ્યું કે શાહજાદી મારા ઉપર ગુસ્સે થઈ ગઈ છે કે શું? અને જો શાહજાદી રઝીયા ખરેખર એક વાર ગુસ્સે થઈ તો તે મારા ટાંટીયા હમેશને માટે રાજમહેલમાંથી કાઢે, એવું તેનું વલણ હતું એમ તે મોલવીજી જાણતા હતા.

તેણે પોતાનાં પ્રવચનને આગળ સંભળાવવાને બદલે તરતજ જુદા વિષય પર ઉતરી જવા માંડ્યું. પછી

તેણે થોડી જ વારમાં જાયેજ ખલાસ કરીને પોથી બાંધી રવાના થવા માંડયું.

પરંતુ તે રાજમહેલને મોટે દરવાજે પહોંચ્યો, ન પહોંચ્યો એટલામાં જ રઝીયાની દાસી દોડતી આવી. ને તેને પાછળથી બૂમ મારીઃ "મૌલવીમીયાં, આપકો હમારી શાહજાદી સાહેબા બુલાતી હય."

મૌલવીજીના શરીરમાં શેરડા પડવા લાગ્યા. તેના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો કે હવે રઝીયા શું શું [illegible] પૂછશે [illegible] મુજને [illegible] ને અંતે હું ગયે ને શાહજાદીના [illegible] માં તેની સામે આવીને ઊભો રહ્યો. જાણે કોઈ ગુનેગાર કોઈ ન્યાયાધીશની આગળ [illegible] ને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible] પણ જાતનો [illegible] [illegible] [illegible] [illegible] કહ્યું —

"[illegible] મૌલવીજી, [illegible] [illegible] કે [illegible] [illegible] સાંભળ્યા તે તમારી પહેલા [illegible] એક [illegible] [illegible] [illegible] સાંભળ્યા [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] કુરાને શરીફને [illegible] [illegible] ત્યારે હું તમને કહી દઉં છું કે કુરાને શરીફમાં [illegible] લખ્યું છે [illegible] શું નથી તે હું સારી રીતે જાણું છું [illegible] તેનો અર્થ શું થાય છે તે પણ હું સમજું છું. જુઓ, હું તમને પહેલી ને છેલ્લી એકજ વાર કહી દઉં છું કે

આ રઝીયા કાંઈ બીજી સામાન્ય છોકરીઓ જેવી સામાન્ય પ્રાણી નથી. પરણવું, બચ્ચાં થવાં અને મરી જવું—એ મારા જીવનનું ધ્યેય નથી. એ મારી રગોમાંજ નથી. તમે ધારતા હશો કે બીજી શાહજાદીઓ અને સામાન્ય ઓરતોની માફક હું પણ રંગબેરંગી પોશાક, જરીયાન અને જેવર પહેરીને લટકા મટકાં કરતી ફરૂં, પણ એ મારાથી કદિ બનવાનું નથી. મારો પોશાક છે બખ્તર, મારૂં જરીયાન છે મારો કમ્મરપટો, અને મારૂં જેવર છે આ મારી તલવાર. હું બીજા કોઈ જવેરાતને ઓળખતી નથી કે ચાહતી પણ નથી. હું કદિ પરણવાની નથી કે બાળબચ્ચાંની જંજાળમાં પડવાની નથી. મારૂં તો એકજ ધ્યેય છે અને તે એ કે મારા પિતાની વફાદાર રૈયતને સુખી કરવી અને આખા રાજ્યને મજબુત બનાવવું.... બસ એ સિવાય હું બીજું કશું સમજતી નથી. ને કરવા માંગતી નથી. સમજ્યા ?”

રઝીયાનું ભાષણ સાંભળીને મોલવીજી દીંગ થઈ ગયા. તેઓ રઝીયાના મ્હોંડા સામું જ ટગર ટગર જોઈ રહ્યા હતા. રઝીયા જુસ્સાભેર બોલ્યે જતી હતી. પળવાર શાંત રહીને તે આગળ બોલી—

“મોલવીજી, તમે આજે પડદાની અને ઓરતો પુરૂષનો પોશાક પહેરે તો પાપમાં પડે—એવી બધી વાતો કાઢી. તો હું તમને કહું છું કે હું બેઠી હોઉં ત્યારે

મોલવીજીની મુલાકાત



"બસ, એ સિવાય બીજું કશું હું સમજતી નથી. અને કરવા માંગતી નથી. સમજ્યા ?" રઝીયાએ મોલવીજીને તડકાવીને કહી દીધું. [પૃ૦ ૧૬

એવી વાતો ફરીવાર કદિ કાઢશો નહિ. હું સાફ સાફ કહું છું કે મારાથી પડદામાં કદી રહી શકાશે નહિ. કે મારાથી ઘરને એકાદ ખુણે જ બેસી રહેવાનું બની શકશે નહિ. હું તો જીવીશ ત્યાં સુધી ખુલ્લી ફરીશ, ઘોડે બેસીશ અને લશ્કરમાં લડવા જઇશ. બોલો, હવે તમારે શું કહેવું છે ? તમારૂં કુરાન મને એવું કરવાની રજા આપશે કે નહિ ?”

શાહજાદીના જુસ્સાભર્યાં શબ્દો ને તોફાની વિચારોવાળાં વાક્યો સાંભળીને મોલવીજી તો ડઘાઈ જ ગયા હતા. તેમનું ચાલત તો તેઓ રઝીયાની નજર રૂપી આગમાંથી બચવાને માટે ક્યારના ત્યાંથી નાશી છૂટ્યા હોત. પરંતુ રઝીયાની રજા વગર તેનાથી ત્યાંથી ચસાય તેમ ન હતું. તેથી તેઓ ત્યાં નજીક પડેલા એક આસન પર પોતાની મેળે ધીમે રહીને બેસી ગયા. અને મંદ અવાજે બોલ્યા–

“જૂઓ, શાહજાદી સાહેબા, આપે હમણાંજ કહ્યું કે આપ કદિ શાદી કરવાનાં નથી. ખરૂંને ?”

“હા. હા. કદિ નહિ.”

“તો પછી આપ પેલા ખાનસામા ઘોડાવાળા ગુલામની સાથે શા માટે આટલો બધો સંબંધ રાખો છો ? મને માફ કરજો. પણ....”

મોલવી આગળ બોલે તે પહેલાં તો રઝીયાની

આંખમાંથી જાણે અંગારા વરસવા લાગ્યા. તે લાલ-ચોળ થઈને ગુસ્સો કરી કહેવા લાગી—

"હં હં! શું ત્યારે એ મારો ઘોડેસવાર જમાલ તમારી બધાની આંખમાં ખુંચે છે, ખરૂં કેની? અને તેથી જ તમે આજે મારી આગળ કુરાને શરીફને નામે ગમે તેવાં મન ગમતાં બોધવચનો લાવીને રજુ કરી દીધાં, ખરૂં ને? નિમકહરામ કપટી ધર્મગુરૂ, એમ કરવાને તમને શું કારણ હતું? સાચું બોલો, નહિ તો પરિણામ બહુ ભયંકર આવશે....શું તમારે પણ પેલા પાજી વજીર ઇઝઝુદ્દીનની માફક મારી સાથે શાદી કરવાનો મનસુબો છે કે?"

"ના ના. અબબબબ એ શું બોલ્યાં? શાહજાદી સાહેબા, મારાથી એવો વિચાર જ કેમ કરી શકાય? તમે તો મારાં બેટી સરખાં! મારાથી એવો નાપાક ખ્યાલ પણ થઈ શકે નહિ." મોલવી હાથ જોડીને થર-થર કાંપતાં બોલ્યો, "હું એવું બોલું તો મારી જબાન કપાઈ જાય. હું એવો ખ્યાલ પણ કરૂં તો મારૂં દીમાગ બંધ પડી જાય. અરેરે, હું આટલો બધો મજહબી માણસ, મારાથી એવો હરામ ખ્યાલ કરી શકાય જ કેમ?"

"ત્યારે તમને પેલા પાજી ઇઝઝુદ્દીને કે તેના કોઈ માણસે પૈસા આપીને મોકલ્યા હશે. ખરૂં ને, હરામીના ઉપદેશક!"

રઝીયાએ બરાબર તીર માર્યું હતું. ગયે વરસે મહેસુલ ખાતાના વજીર ઈઝઝુદ્દીને શાહજાદી રઝીયાના હાથની માંગણી કરી હતી. પણ રઝીયાએ તેને રોકડું ખાસડું પરખાવ્યું હતું. તેથી તે વજીર તથા બીજા વજીરો પણ રઝીયા સામે ખુબ ચીડાયા હતા.

રઝીયા રોજ ફરવા જતી. ઘોડે બેસીને શિકાર ખેલવા જંગલમાં જતી. તેને ઘોડેસ્વારી શિખવનાર એક નોકર ઘોડેસ્વાર જમાલુદ્દીન યાકુબ નામનો હતો. તે જાતનો હબસી હતો. રઝીયાને ઘોડે બેસાડી ફરવા કે શિકાર ખેલવા લઈ જતો. ઉંચા ઘોડા પર બેસવાનું એટલે હબસી યાકુબના ખભાનો ટેકો લઈને તે રોજ ઘોડે બેસતી. જંગલમાં તેઓ નિર્દોષપણે શિકાર ખેલતાં અને ઘણીય વાર ચિત્તા કે વાઘ મારી પણ લાવતાં. કેટલીક વાર તેમની સાથે અન્ય નોકર માણસો પણ જતા.

છતાં રઝીયાએ વજીર જેવા માણસની સાથે પણ લગ્ન કરવા ના પાડી દીધી ત્યારે તેને પરિણામે, કે ગમે તેમ, સમાજમાં વાત ચાલી કે રઝીયા તો એ હબસી ઘોડાવાળા સાથે જ પરણવાની છે! એવી ખબર ફેલાવવામાં અમુક માણસોનો સ્વાર્થ હતો. પાયા વગરની એ ગપ ચાલુ કરવામાં સમાજના ઉપલા થરનો સ્વાર્થ હતો. કારણ કે તેઓ બધા જાતે તુર્ક વંશના હતા. તેઓ રાજવંશના સગાવહાલા અને જાતવાળા હતા.

તે બધાયની અવગણના કરીને રઝીયા એક હબસી ગુલામ નોકર અને તે પણ ઘોડાવાળા સાથે અતિશય સંબંધ રાખે, તેની સાથે એકલી ઘોડેસ્વારી કરવા ને ફરવા જાય એ તેમનાથી કોઇ પણ રીતે સહન થઇ શકે તેમ ન હતું. તેઓ હંમેશ સુલતાન અલ્તમશના કાન કરડવા લાગ્યા કેઃ શાહજાદી આવી રીતે એક ગુલામ હબસી સાથે આટલો બધો સંબંધ રાખે તે ઠીક નથી. તે એકલી કલાકના કલાક સુધી એ નીચ ઘોડાવાળા સાથે જંગલમાં એકલી ફરવા જાય છે તે કોઈ રીતે સારૂં નથી. એનું પરિણામ ખરાબ આવશે. વગેરે.

પરંતુ સુલતાન પોતે પોતાની દીકરીને સારી રીતે પીછાનતા હતા. તે જાતે સમજતા હતા કે રઝીયા સંપૂર્ણ ચોકખી છે. એના સંસ્કાર ઉંચા છે. તે કદિ કોઇ અપકૃત્ય કરે તેવી નથી. નીતિ નિયમ સાથે બંધ બેસતું ન હોય એવું કૃત્ય રઝીયાને હાથે કદિ થઇ શકે તેમજ નથી, એવી સુલતાન અલ્તમશને ખાત્રી હતી.

આથી પોતાની કાન ભંભેરણી કરવા આવનાર સહુ કોઈ અમીર ઉમરાવોને તેઓ સાફ સાફ જવાબ દઇ દેતા કે રઝીયાને હું તમારા કરતાં બહુ સારી રીતે ઓળખું છું. તેને હાથે કદિ અયોગ્ય કામ થઇ શકે તેમ નથી.

એ સાંભળી પેલા કાન કરડનારા મોંઢા પડી ચાલ્યા જતા.

કેટલીક વાર તો સુલતાન તેમને એમ પણ કહી નાંખતા કે રઝીયા ભારે ગુણવતી દીકરી છે. એના જેવી બુદ્ધિમત્તા આખા રાજદરબારમાં કોઇનામાં નથી. હું તો મારા રાજ્યની લગામ એનાજ હાથમાં સોંપવા ઇચ્છું છું........

એ સાંભળી તેઓ બબડતાઃ એમ કદિ બને નહિ. આટલા બધા શાહજાદા, ભાયાતો, અમીર ઉમરાવો અને રાજ્યરત્નોને મૂકીને એક નાદાન સ્ત્રી જાતના હાથમાં રાજસત્તા સોંપાય જ કેમ ? એવું અધર્મી કામ થાયજ કેમ ? એવું કરશો તો રાજમાં બળવો થશે. વગેરે.

પ્રકરણ ૫ મું

"પછી પસ્તાશો."

છતાંય ગ્વાલિયર જીતીને પાછા આવ્યા એટલે તરતજ સુલતાન અલ્તમશે રઝીયાને ગાદી વારસ તરીકે છડેચોક જાહેર કરી દીધી અને પોતાના વજીર મંડળને તે મતલબનો ઢંઢેરો રાજ્યમાં પીટાવવાનો હુકમ આપી દીધો !

રઝીયાને એક ઓરમાન મા હતી. તેનું નામ શાહતુર્કાન. એને એક દીકરો હતો. તેનુ નામ શાહજાદો રૂકનુદીન ફિરોઝ. એ સૌથી મોટો શાહજાદો હતો. પણ મોટો એટલોજ ખોટો હતો. દરેક જાતના ભોગ વિલાસમાં, દારૂ અને નાચ મુજરામાં તે પૂરો હતો. એની મા પણ પૂરી કુલટા હતી. મૂળ તે તુર્ક જાતની એક

દાસી હતી. રૂપાળી એટલે સુલતાને તેને પરણીને રાણી બનાવી હતી. એને વળી પહેલોજ પુત્ર સાંપડ્યો એટલે બધી રાણીઓ–બેગમોમાં–એનાં માનપાન વધી ગયાં ! અને માનપાન વધ્યાં તે સાથે દુર્ગુણો પણ વધી ગયા. તે મહા ક્રૂર ને કપટી હતી. કોઈ પણ ભયંકર કે પાપી કામ કરતાં તે જરાય અચકાય કે ડરે તેમ ન હતી. તેના એ દુર્ગુણો એના પુત્રમાં પણ ઉતર્યા હતા. ઉપરોક્ત મોલવીનો પ્રસંગ ગોઠવવામાં એનોજ –શાહતુર્કાનનો જ–હાથ હતો. એણે તેને ભણાવ્યો હતો તો ખુબ, પરંતુ મોલવી જરા ડરપોક હતો એ-ટલે તેનાથી ઝાઝું કાંઇ થઈ શક્યું નહિ. ઉલટું શાહ-જાદી રઝીયાએ તો તેને પકડી પાડ્યો અને આખરે ખુબ ધમકાવી કહાડ્યો–એ ઉપર આપણે જોઇ ગયા.

× × ×

સુલતાન અલતમશે રઝીયાને ગાદી વારસ જાહેર કરવાનો હુકમ બહાર પાડ્યો અને વજીર મંડળને તે પ્રમાણેનો ઢંઢેરો તથા સનદ કાઢવા કહ્યું. પરંતુ વજીર મંડળ તેને લાભે થયું નહિ. તેમણે એની સામે હોહા મચાવી મૂકી અને આખા રાજ્યમાં એ હુકમનો અનાદર થાય તેવું વાતાવરણ ઉભું કરવા માંડ્યું. તે-મના પ્રચારકાર્યથી રોજ ઘણાક મોલવીઓ, ફકીરો અને ઉલેમાઓ સુલતાનને મળવા આવ્યા અને એવો ધર્મવિરોધી હુકમ રદ કરવા ભલામણ કરવા લાગ્યા.

વઝીરોની જ ખટપટથી રાજ્યના જુદા જુદા ખંડીઆ સુબેદારો તરફથી કાસદો રૂક્કા લઇ લઇને આવવા લાગ્યા. તે રૂક્કાઓમાં એમ જણાવ્યું હતું કે—

નામદાર, આપ આપના ગમે તે બાળક શાહજાદાને વારસ તરીકે ઠરાવો. તેને અમે કુર્નસ ભરીશું–નમન કરીશું–પરંતુ કોઇ પણ સંજોગમાં આપ શાહજાદીને ગાદીએ બેસાડશો નહિ. બેસાડશો તો અમે તેને તાબે થઇશું નહિ. એક ઓરત જાતની આગળ અમે કદિ પણ માથું નમાવીશું નહિ તે જાણજો.

આવા રાજ્યના સ્તભરૂપ સુબેદારોનો વિરોધ જોઇને સુલતાન અલ્તમશને બહુજ આઘાત લાગ્યો. તેમને પોતાને તો પોતાની પુત્રી રઝીયાની બુદ્ધિશક્તિ વિશે ખાત્રી હતી. એટલુંજ નહિ પણ શાહજાદા રૂકનુદ્દીનની અશક્તિ અને વિલાસીપણા વિશે પણ પૂરી વાકેફગારી હતી. છતાં આટલા બધા વઝીરો અને સુબેદારોની સામે પડીને પોતે રઝીયાને ગાદીએ બેસાડે એ બનવું હવે એને અશક્ય લાગ્યું. એ આખો બનાવજ એના હૃદયને ભારે આઘાતકારી લાગ્યો. અને એ આઘાતમાંને આઘાતમાંજ એના શરીરનાં ગાત્રો ઢીલાં પડી ગયાં. પોતે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત તો કરીજ હતી. એટલે તરતજ એને જીવલેણ માંદગી આવી પડી. મરતાં મરતાં એને મુખે એકજ શબ્દ હતો કે મારા શાહજાદા કામ લાગે તેવા નથી. મારૂં રાજ્ય બરાબર સંભાળે

તેવી એકજ મારી દીકરી રઝીયા છે. તેને તમે વારસ તરીકે સ્વીકારો, એવો મારો આગ્રહ છે. તે તમારે નહિ માનવો હોય, તો ભલે તમારી મરજી ફાવે તેમ કરો. પરંતુ ખાત્રી રાખજો કે પછી તમેજ પસ્તાશો, ને મારા શબ્દોને યાદ કરશો.

પ્રકરણ ૬ ઠ્ઠું

રાક્ષસી રાજમાતા

સુલતાનના મૃત્યુ પછી વજીરોએ બેગમ શાહતુર્કાન (રઝીયાની ઓરમાન મા)ના પુત્ર રૂકનુદ્દીન ફિરોઝને ગાદીએ બેસાડ્યો. શાહતુર્કાન તેને માટે ક્યારની ખટપટ કરી જ રહી હતી. પોતાના પુત્રને ગાદી મળે એટલા ખાતર એ બધા જ વજીરો સાથે ખૂબ સં-

બંધ રાખતી હતી. તેમને પોતાને મહેલે બોલાવી અનેક પ્રકારનાં ખાનપાન જમાડી રાજી કરતી. વજીરો પણ તેના રૂપમાં અને મીઠા મીઠા શબ્દોમાં લટ્ટુ થઇ જતા. અને દરેક જણ એમ ધારતું કે શાહજાદાને ગાદીએ બેસાડીશું એટલે મારો ઓધ્ધો વધશે. એ પ્રમાણે જાળ બિછાવવામાં શાહતુર્કાન આબાદ ફાવી ગઈ.

રૂકનુદ્દીન ગાદીએ બેઠો. પણ તે તો દરેક વાતે પૂરો હતો. ભોગ વિલાસ, દારૂ અને નાચ મુજરા સિવાય બીજું કશું તે સમજતો નહિ. બાદશાહના દીકરાને વળી એ સિવાય બીજું કરવાનું પણ શું હોય? એમ તે ખુલ્લેખુલ્લું કહેતો. એ જ્યારે નશામાં હોય ત્યારે એના વતી હુકમો કરવા અને સહીઓ કરવાનું કામ શાહતુર્કાન જાતે કરતી. એ બાબતમાં તેણે વજીર મંડળની સંમતિ લઇ લીધી હતી. એ બેગમસાહેબા ઘણીજ પહોંચેલ બુટ્ટી હતી. તેણે બધાય વજીરોને બે-ગમ બનાવી દીધા હતા.

અને એ રીતે પ્રાપ્ત કરેલી સત્તાને આધારે તેણે પોતાનો પગદંડો મજબૂત કરવાને ચોકઠાં ગોઠવવા માંડ્યાં. તેણે મરહુમ બાદશાહની બીજી બેગમોને-પોતાની શોકચોને-ગમે તેવા બનાવટી રાજદ્રોહના આરોપો મૂકીને મરાવી નાંખી! થોડા વખત પછી એણે બીજા શાહજાદા કુતુબુદ્દીનની આંખો ફોડાવી

નાંખી. એ બહુ ઘાતકી હતી. ગમે તેવું કરપીણ કામ કરતાં તે ડરે તેવી ન હતી. શાહતુર્કાન ખરેખરી વિકરાળ હૃદયની રાક્ષસી હતી એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. તેણે પોતાના દીકરાનો માર્ગ નિષ્કંટક બનાવવા માટે તેના એકેએક હરિફનું કાટલું કાઢવા માંડયું. અને તેમ કરવામાં તે ઘણે અંશે ફાવી પણ ખરી. એક માત્ર રઝીયાને તે અડકી શકી નહિ. કારણ કે રઝીયા પહેલેથી જ તેનાથી ચેતેલી હતી. ઓરમાન મા તરફથી આવતી કોઇ પણ ખાનપાનની વસ્તુને કે પાણીને સુદ્ધાં તે કદિ હાથ પણ લગાડતી નહિ. તે જાણુતી હતી કે એમાં તો ઝેર જ હોય !

× × ×

ધીમે ધીમે વજીરોની આંખ ઉઘડી. તેમણે જોયું કે શાહતુર્કાન તો છેક જ વંઠી ગઇ છે અને પોતાના દીકરા સિવાય બધાને ગરદન મારવા લાગી છે. ત્યારે તેમને પસ્તાવો થવા લાગ્યો. તેમને સમજ પડી કે મરહુમ સુલતાન (અલ્તમશ)ની સલાહ બરાબર હતી. અને પોતે તેની સલાહ પ્રમાણે નહિ વર્ત્યા તેમાં મૂર્ખાઈ કરી હતી; એટલું જ નહિ, પણ પોતે પોતાનાજ પગ ઉપર કુહાડો માર્યો હતો.

તેઓ પસ્તાયા અને હવે ઉલટી જ પ્રવૃત્તિ કરવા લાગ્યા.

—૦—

પ્રકરણ ૭ મું

ગાદીએ બેઠી

થોડાજ વખતમાં બળવાનું વાતાવરણ ઉભું થઈ ગયું. શાહજાદો રૂકનુ આમ તો એશ આરામ સિવાય બીજું કશું સમજતો નહિ. હાથી પર બેસીને રાજ્યની તિજોરીના પૈસા લૂંટાવવા એ તેની ખાસ મોજ હતી. રાજકાજમાં તે કશું સમજતો નહિ. છતાં વજીર મંડળે આ વેળા તેને સમજાવી પટાવીને પંજાબ તરફ લડવા મોકલી દીધો. પંચનદ (પાંચ નદીઓનો મુલક–પંજાબ) ના સુબાઓએ બળવો જગાડ્યો હતો તેનો બંદોબસ્ત કરવા તેને લશ્કર આપી વજીર મંડળે રાજધાનીથી દૂર મોકલ્યો હતો. અને એની ગેરહાજરીમાં તેમણે મુખ્ય રાજમહેલના કિલ્લા ઉપર હલ્લો કર્યો.

આ હલ્લાની આગેવાની રઝીયાએ લીધી હતી. રઝીયા અને શાહતુર્કાન વચ્ચે આ વખતે તો ખુલ્લે-

ખુલ્લી દુશ્મનાવટ ચાલૂ થઇ ગઈ હતી. બધા વજીરો અને ઘણાક સુબેદારો આ વખતે રઝીયાની તરફેણમાં હતા. વાર્યું ન કરેલું તે હારીને તેમણે કર્યું ! રઝીયાને પોતાની મહારાણી બનાવવા હવે તેઓ–જખ મારીને–કબૂલ અને ઉત્સુક થયા હતા. તેમનાં સૈન્યની આગેવાની લઇને રઝીયાએ શાહતુર્કાનના રાજમહેલ પર હલ્લો કર્યો. શાહતુર્કાને નાસવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ચોમેરથી ઘેરાયલી હોવાથી તે ફાવી નહિ. રઝીયાએ તેને બેડી પહેરાવી કેદ કરી.

શાહતુર્કાનનાં પાપકૃત્યોને લક્ષમાં લેતાં તો રઝીયાએ એને તરતજ ફાંસીએ ચઢાવવી જોઇતી હતી. પરંતુ એણે તેમ ન કર્યું. શાહતુર્કાનનો બધોયે રાજવંશી ઓદ્દો ખુંચવી લઈને તેને એક સામાન્ય સ્ત્રી કેદી તરીકે મરણ પર્યંતની જેલ ભોગવવાની સજા કરી. તે સજા ભોગવતાં ભોગવતાં જેલની પત્થરી દિવાલો સાથે માથું કૂટતાં કૂટતાં પોતાના બાકી દિવસો વીતાવીને તે આખરે જેલમાંજ મરણ પામી.

\+ \+ \+ \+

પછી રઝીયા ગાદીએ બેઠી. વજીર મંડળે તેના નામનો ઢંઢેરો પીટાવ્યો. આખા રાજ્યમાં રઝીયાના નામની આણ વર્તે, રઝીયાના પ્રત્યે સૌ કોઇ વફાદારી દાખવે તેને માટે વજીરમંડળ હવે પ્રયાસ કરવા લાગ્યું. તેઓ જાતે આવીને રઝીયા આગળ નમન કરવા લાગ્યા

અને બીજાઓ પાસે રઝીયા આગળ નમન કરાવવા લાગ્યા. એ રીતે અગાઉ જે કાર્ય ધર્મવિરોધી અને સમાજવિરોધી લેખાયું હતું તે હવે સિદ્ધ થયું. જે લોકોએ એ કાર્યને પાપી ગણ્યું હતું તેજ લોકોએ એને પુણ્ય ગણીને અપનાવ્યું ! સમાજના ગાડરિયા પ્રવાહની પણ બલિહારી છે !

નિર્દય સ્વભાવની શાહતુર્કાન તો ગઈ પણ હજુ એનો દીકરો રૂકનુદ્દીન જીવતો હતો. ખરૂં જોતાં તો તેનું સુલતાનપણું હજુ કાંઈ નષ્ટ થઈ ગયું ન હતું. તે પંજાબ તરફ લડવા ગયો હતો અને બળવાખોરોને હરાવી થોડા વખત આરામ લેવા માટે કુહરામ નામના સ્થળે પડાવ નાંખી રહ્યો હતો. રઝીયાના ગાદીનશીનની અને પોતાની મા જેલમાં પડયાની હકીકત ત્યાં તેણે સાંભળી કે તરતજ તેણે પડાવ ઉઠાવ્યો અને ઝપાટાબંધ મજલ કરીને દિલ્હી આવી પહોંચ્યો. માર્ગમાં તેણે પોતાના લશ્કરને બરાબર તૈયાર કરી દીધું અને જરૂર પડે તો રઝીયા સામે લડવા પણ તૈયાર થવું પડશે એવી દહેશત બતાવી તેમની પાસે વફાદારીના સોગન લઇ લીધા. તેઓ પણ લડવાને તૈયાર થયા.

આખરે થયું પણ તેમજ. રઝીયા પણ તૈયાર થઇને જ બેઠી હતી. તેણે પોતાનાં લશ્કરની વફાદારી લઈ લીધી હતી. અને રૂકનુદ્દીન આવે કે તરતજ છાપો મારવાની બધી બાજી ગોઠવી રાખી હતી. અત્યારના

દિલ્હીની દક્ષિણ બાજુએ, જમના નદીને કિનારે કેલુખડી નામની જગાએ બેઉનાં લશ્કર ભેગાં થયાં. મોઇઝેલો રૂકનુ સખત હાર ખાઇને રઝીયાનો કેદી બન્યો. તેને પણ જેલમાંજ નાંખવામાં આવ્યો. માત્ર છ મહિના અને છવીસ દિવસનો એ બાદશાહ, રૂકનુદ્દીન ફિરોઝશા પછી જેલમાંજ ઇ. સ. ૧૨૩૬ માં મરણ પામ્યો.

ભાઇ ઓરમાન હતો, છતાં તેને આવી રીતે જેલમાં નાંખી મૃત્યુ પર્યંત સડવા દેવાનું કામ રઝીયાને ગમ્યું ન હતું. જો એ રઝીયા પ્રત્યે સારી રીતે વર્ત્યો હોત, જો એણે થોડી ઘણી પણ લાગણી બ્હેન-ભાઇ તરીકેની રાખી હોત, સગા નહિ પણ માત્ર સાવકા ભાઇ તરીકેની મમતા જો તેણે હૃદયમાં ધારણ કરી હોત તો રઝીયા એના પ્રત્યે આટલી કડક વૃત્તિ ધારણ કરતે નહિ. અરે, માત્ર સાદી માનવતાની રીતે પણ જો એ પોતાની બ્હેન સાથે વરત્યો હોત તોયે રઝીયા એના પ્રત્યે ઉદાર થઇ હોત. એણે રૂકનુને બીજું કંઇ નહિ તોયે પોતાના પ્યારા પિતાના ખુંદજ ફરજંદ તરીકે સગો ભાઇ જેવો ગણીને એનેજ ગાદીપતિ તરીકે કબૂલ રાખ્યો હોત અને પોતે માત્ર મુરબ્બી સલાહકાર તરીકે રહીને રાજ્યની મુખ્ય લગામ પોતાના હાથમાં રાખી હોત. જો રૂકનુ છેવટના ભાગમાં પણ એટલો બદલાઇને થોડોક સદ્ગુણી થયો હોત તો રઝીયાએ એને નામના સુલતાન તરીકે ચાલુ રાખ્યો હોત.

પણ રૂકનુમાં એની માના પાપી ગુણો અને દુષ્ટ વિચારો રગેરગમાં ભરેલા હતા. એ જેવો મોજીલો ને વિલાસી હતો તેટલોજ કપટી અને દુરાચારી હતો. ગમે તેવું પાપ કરતાં એ ડરે તેવો ન હતો. પરંતુ બુધ્ધિએ બુઠ્ઠો હોવાથી તે કપટ કરવા જતાં હંમેશ પકડાઇ જતો અને પોતાનાં કાવતરાંમાં ફાવતો નહિ. જ્યારે એના હાથમાં—એટલે કે એની માના હાથમાં સત્તા હતી ત્યારે એ બેઉ જણાએ મળીને રઝીયાનું કાટલું કાઢી નાંખવાના ખૂબ પ્રયત્ન કર્યા હતા. પણ એ માટેનાં બધાંયે કાવતરાં રૂકનુની બુઠ્ઠી અક્કલને પ્રતાપેજ ફુટી ગયાં હતાં. અને તેને સદ્ભાગ્યે રઝીયા એક બે વાર જાન ગુમાવવામાંથી બચી ગઈ હતી.

જેલમાં પડચો પડચો પણ એ સુલતાનનો બેટો સકણો રહેતો નહિ. વખતોવખત તે દારૂને માટે બૂમો પાડતો અને મોજને માટે બીજું તો કશું બની શકે નહિ છતાં તે મોટા બરાડા પાડી રંગીલાં ગીતો ગાતો. કેટલીક વાર તો તેને જેલમાં દારૂ આપવની રઝીયાને ફરજ પડતી. તે ખૂબ ઢીંચતો ને આખો દિવસ બેભાન સ્થિતિમાં પડ્યો રહેતો. એવું એ પશુ જીવન જેલમાંજ જીવીને આખરે એ સ્વધામ પહોંચી ગયો.

પ્રકરણ ૮ મું

લગ્નની માંગણીઓ

રૂકનુના મુઆ પછી રઝીયાએ રીતસરનું મકકમ સુલતાન પદ ધારણ કર્યું. રૂકનુ ગયાથી અને પોતાના બીજા ઓરમાન ભાઇઓને તો રાક્ષસી શાહતુર્કાને જ પૂરા કરેલા હોવાથી હવે એની સામે ગાદી હક માટે ટંટો કરે એવું કોઈ રહ્યું ન હતું. એટલે એટલી એને નિશ્ચિંતતા આવી હતી. પણ એની એ નિશ્ચિંતતા ઝાઝો સમય ન ટકી.

તેનાં બે કારણ હતાં. એક તો એ પોતે સ્ત્રી હતી અને સમાજમાં કોઈ સ્ત્રી કુંવારી રહે તોયે ચાલે એવી માન્યતા જરા પણ અસ્તિત્વમાં ન હતી. વખતોવખત રાજ્યના અમીર ઉમરાવો અને વજીરો, એનાથી મોટી ઉમ્મરના વડીલ જેવા વૃદ્ધ જનો એની આગળ લગ્નનો પ્રશ્ન લાવીને રજુ કરી દેતા. જો કોઇ વજીર પ્રત્યે એ માયાળુપણું બતાવતી, કદાચ રાજકાજને અંગે કોઈ અમલદાર સાથે વધુ વાતચિત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો તોયે તે લોકો એમ માની બે-

રતા કે સુલતાના મને ચાહવા લાગી છે અને પછી તેઓ એની પાસે આડકતરી રીતે લગ્નની માંગણી લાવીને રજુ કરતા.

આથી રઝીયાને ઘણી ચીઢ ચઢતી. લગ્નના વિચાર માત્રથી તેને કમકમાં આવતાં. પોતાની આસપાસના રાજવંશી માણસો, વજીરો ઉમરાવોમાંથી કોઈ પણ પુરૂષ એને એવો નહોતો લાગ્યો કે જે એના અંતઃકરણની પ્રીતિ સંપાદન કરી શકે. તેઓમાંથી કોઇનામાં પણ એને સાચું શૂરાતન, નિષ્કલંક નિર્મળ મર્દાનગી દેખાતી ન હતી સૈન્યના અમલદારોમાંથી કોઇક શૂરવીર હતા ખરા. તેઓ પ્રસંગોપાત પોતાનું પરાક્રમ બતાવતાય ખરા; પરંતુ તેની પાછળ પણ તેમને પોતાને વધુ ઉંચો ઓધ્ધો મળે એવી ભૂખ એને દીસી આવતી હતી. શૂરાતનને ખાતર શૂરાતન; પોતે મેળવવા ધારેલા ધ્યેયને પ્રાપ્ત કરવા ખાતર મરી જવા સુધીની તત્પરતા જે એનામાં, પોતાનામાં હતી–તેવી શૂરાતનપ્રિયતા એને બીજા કોઇનામાં દેખાતી ન હતી. જે વઝીરો એના હાથની માંગણી કરતા તેઓનું ધ્યેય પણ સુલતાન બનીને મોજ કરવાનું જ હતું. સત્તા પ્રાપ્ત કરીને લ્હેર કરવા સિવાય તેમને બીજા મનોરથ ન હતા. શૌર્ય અને દેશભક્તિ એજ જેના જીવનનો મહામંત્ર હતો એવી રઝીયાને એવા પામર નાચીઝ જીવો કેમ ગમે? એ તેમની સાથે કેમ પરણી શકે?

એ તેમને સાફ ના પાડતી.

વાંચકો ધ્યાનમાં રાખે કે એ સમય તેરમી સદીનો હતો. વીરાંગના રઝીયા જન્મી ને જીવી ગઇ તે સમયને આજે સાતસો વરસ થઈ ગયાં છે. એ જડ જમાનામાં એક સ્ત્રી પરણ્યા વગર જીંદગીભર કુંવારી રહી શકે કે કેમ? એ ખ્યાલજ કોઈના મગજમાં ઉદ્ભવ પામ્યો હશે કે કેમ? એ પણ શંકાની વાત છે. છતાં એ જમાનામાં રઝીયાના મગજમાં નહિ પરણવાનો ને જીવનભર કુંવારી રહેવાનો વિચાર પહેલવહેલો આવ્યો! ને પોતે રાજસત્તાની અધિકારિણી હતી એટલે પોતાની મુરાદને તે આટલે અંશે અમલમાં મૂકી શકી પણ ખરી! રઝીયા એમ ન કરે તો બીજું શું કરે? વયમાં આવેલી સમજુ યુવતિ પોતાને મનગમતો વર મળ્યા સિવાય ગમે તેને પરણવાની ખુશી કેવી રીતે બતાવી શકે? રઝીયાનું પણ તેવું જ હતું. એના હૃદયને જીતી લે, એના હૃદય ઉપર પોતાના સદ્ગુણો, શૌર્ય અને બુદ્ધિ–ચાતુર્યથી પ્રતિભાવાન છાપ પાડે એવો કોઈ પુરૂષ હજુ એની નજરે ચઢ્યોજ ન હતો. તો પછી એ કોને પરણે? પત્થરને?

પણ રઝીયાની આ વૃત્તિ, એની આ દુર્ધર્ષતા જ એને મુશ્કેલીનું કારણ થઈ પડી. એ કેવી રીતે તે હમણાં જ આપણે જોઇશું.

પ્રકરણ ૯ મું

બીજી આફત

રઝીયાની બીજી આફત તે એના વજીર નિઝામ-ઉલ-મુલ્ક જુનેદી તરફથી ઉભી થઈ તે હતી. એ ગાદીએ બેઠી તે જુનેદીને બીલકુલ ગમ્યું નહિ. એક ઓરત જાતની સામે આવીને માથું નમાવવામાં તેને હિણપત લાગી. તેણે રઝીયાના હાથમાંથી રાજદંડ છીનવી લેવાને માટે પ્રયત્નો કરવા માંડયા. તેણે રાજવંશના તેમજ પોતાની વળના અમીર ઉમરાવોને તથા સગાં-વહાલાંને ઉશ્કેરવા માંડયાં. લગ્નની માંગણીમાં અપમાન પામેલા તે સઘળા તરત જ એની ટોળીમાં ભળી ગયા. એણે દૂર દૂરના સુબેદારો સાથે પણ ગુપ્ત રીતે કાસદો દ્વારા પત્રવહેવાર ચલાવ્યો, અને થોડાજ વખતમાં એક મોટો બળવો કરવા માટેની બધી તૈયારી કરી દીધી.

પણ રઝીયાને એના પોતાના ગુપ્તચરો મારફતે

એ કાવતરાંની તરતજ ગંધ આવી. તે તરતજ ચેતી ગઇ અને પોતાનું બળ એકત્ર કરવા માંડયું. નિઝામ જુનેદી કાંઇ જેવો તેવો માણસ ન હતો. વળી એની ટોળીમાં સૈફુદ્દીન સલારી અને કબીરખાન આયાઝ જેવા બીજાય મોટા સુબાઓ ભળેલા હતા. તેઓ બધા મોટાં મોટાં લશ્કરો રાખવાવાળા હતા. એમની સામે લડવાનું કામ કાંઈ સહેલું ન હતું.

દિવસો જતાં બળવાએ પોત પ્રકાશવા માંડયું. બંડખોર સુબેદારોએ ખુલ્લેખુલ્લી શત્રુવટ દાખવવા માંડી. જે અમીર ઉમરાવો તેમની સાથે ભળેલા હતા તેમાં રઝીયાએ જોયું તો માલુમ પડ્યું કે થોડા વખત ઉપર જેની લગ્નની માંગણીને પોતે નકારી હતી તેવાજ ઘણા તો હતા. તે લોકો મનમાં રઝીયા પર બહુજ બળતા; તેમાંના કોઇને પણ રઝીયાને મારી નાંખવાની ઇચ્છા ન હતી. કેમકે જો રઝીયાનું હૃદય પલટે અને પોતાની સાથે લગ્ન કરવા તે કબૂલ થાય તો તો રઝીયા તેમને મીઠી મધ જેવી લાગે તેમ હતું. એટલે એને મારી નાંખવી શું કામ લાગે?

પરંતુ પેલો હબસી અશ્વપાલ જેના ઉપર રઝીયા બહુજ મમતા રાખતી હતી તેનું તો કાટલુંજ કાઢી નાંખવાને એ ઉમરાવો તલસતા હતા. એક બે વાર તો તેમણે મારાઓ દ્વારા એ જમાલ હબસીના પ્રાણ લેવાને માટે પ્રયત્નો કર્યા પણ હતા. પરંતુ

તે નિષ્ફળ ગયા હતા. એવું થયાથી જ રઝીયાની મમતા એને માટે વધતી જતી હતી. એને લાગતું હતું કે મારે કારણે જ આ અદેખા ઉમરાવો આ ગરીબ નિર્દોષ અશ્વપાળને પજવે છે. મારી મમતાને કારણે જ તેઓ એ બિચારાનો પ્રાણ લેવા ફરે છે. તો મારી ફરજ છે કે મારે એને સંપૂર્ણ રક્ષણ આપવું જોઇએ.

એને લાગતું હતું કે હું જીવતી બેઠી છું ત્યાં સુધી એનો વાંકો વાળ થવો ન જોઇએ. જો તેમ થાય તો તે મારા નામને કલંક લાગ્યા બરાબર થશે. મારાથી એ કદિ પણ જોઈ શકાશે નહિ.

એમ વિચાર કરી તેણે સદરહુ જમાલ હબસી અશ્વપાલને વધુ નજીક લાવીને રાખ્યો. પોતાના રાજમહેલની પાસેના જ એક મકાનમાં, કિલ્લાની દિવાલોની અંદર રાખ્યો. કોઈ તેના ઉપર અચાનક હલ્લો કરી શકે નહિ તેવી જગાએ તેને રાખ્યો.

પ્રકરણ ૧૦ મું

નિમકહલાલ નસીરૂદ્દીન

નિઝામ જુનેદીની ટોળીની સામે થવા માટે કોની કોની મદદ લેવી તેનો રઝીયા વિચાર કરવા લાગી. પોતે અત્યાર સુધીના જીવનમાં કોના કોના ઉપર ઉપકાર કર્યા છે તે યાદ કરી કરીને તે તે માણસોને બોલાવી એણે ભેગા કરવા માંડયા. આફતના વખતમાં તમે મને મદદ કરશો કે કેમ? શું શું મદદ કરશો વગેરે પૂછપરછ કરીને ખાત્રી કરી લેવા માંડી. તેઓ સમય આવ્યે પોતાના પ્રત્યે વફાદાર રહે તે માટે તેમની પાસે સોગંદો લેવરાવ્યા.

એવો એક સુબેદાર તે અયોધ્યાનો મલિક નસીરૂદ્દીન હતો. રઝીયાએ તેના ઉપર ભારે ઉપકાર કરેલો હતો. રૂકનુ ફિરોઝના વખતમાં એની ગાદી ખુંચવી લેવાના પ્રયત્નો થયા હતા ત્યારે રઝીયાએ વચ્ચે પડીને

એની તરફેણ કરી હતી. તે જો ન કરી હોત તો એની ગાદી એના હાથમાં ભાગ્યેજ રહી હોત.

અને નસીરૂદ્દીન પણ એ વાત સમજતો હતો. તે બીજાઓની પેઠે નિમકહરામ માણસ ન હતો. પોતાના ઉપર ઉપકાર કરનાર શાહજાદી રઝીયા પ્રત્યે તેને ભારે માન હતું. રઝીયાનો પત્ર આવતાં જ પોતાનું પૂરૂં લશ્કર લઇને તેની મદદે વખતસર આવી પહોંચવાની તેણે ખાત્રી આપી. એજ રઝીયાની મોટામાં મોટી મદદ હતી.

પરંતુ જ્યારે વખત આવ્યો ત્યારે મલીક નસી-રૂદ્દીનની મદદ એને કશી કામ લાગી નહિ. તે બિચારો પોતાનાં લશ્કરને લઇને ગંગા નદીને સામે પાર આવ્યો ન આવ્યો, એટલામાં જ બળવાખોર શત્રુઓ તેના ઉપર અચાનક તુટી પડયા. નસરૂદ્દીન કેદ પકડાયો, તેનું લશ્કર વિખરાઈ ગયું. તેમાંનો બહુજ અલ્પ ભાગ રઝી-યાની મદદે જઈ શક્યો. રઝીયાને તે કંઈ બચાવી શક્યો નહિ.

× × × ×

અનેક ઉમરાવો અને સુબેદારો આ બળવામાં ભળ્યા હતા. તેઓ પોતપોતાનાં લશ્કરો સાથે અચાનક રાજમહેલમાં ઘુસી આવ્યા. અને 'મારો કાપો'ના પોકારો સાથે જે કોઇ હાથમાં આવ્યું તેને ઠાર કરવા લાગ્યા. રઝીયાએ રાજમહેલની ઉંચી અટારિયેથી એ જોયું ને

એને લાગ્યું કે હવે આ ઝનુની ટોળાંની સામે થવું નિરર્થક છે. તેણે પોતાનાં થોડાંક અંગત માણસોને સાથે લીધાં અને મહેલને પછીતને દરવાજેથી નીકળીને તે ઝપાટાબંધ જમના નદીના તટ પર પહોંચી ગઇ.

અહીં તેણે પોતાનાં લશ્કરનો જમાવ કરેલો હતો. જે જે સ્નેહી સંબંધી અમલદારો, ભાયાતો અને સુબેદારો પોતાના પક્ષના હતા તેમને તેમનાં લશ્કર સાથે એણે જમના તટ પર એકત્ર કર્યાં. અને તેમનું સૈન્ય વ્યવસ્થિત કરીને પોતે તેમની આગેવાની લીધી. તે અત્યાર સુધી મલીક નસીરૂદ્દીનની વાટ જોઇને બેસી રહી હતી. એના મનમાં એમ કે એ મારો છેલ્લો સહાયક આવી પહોંચે પછી હું બંડખોરો પર હલ્લો કરૂં.

પરંતુ મલિક નસીરૂદ્દીન તો ગંગા ઉતરતાંજ બંડખોરોના અચાનક હલ્લામાં હારીને કેદ પકડાયો. એ આપણે ઉપર જોઇ ગયા છીએ.

આથી રઝીયા જેટલું સૈન્ય તૈયાર હતું તેટલું લઇને પોતાના કિલ્લા ઉપર ચઢાઇ લઈ ગઇ. બંડખોરો તો કિલ્લામાં ઘુસીને રઝીયાની શોધખોળ કરતા હતા. તેઓ પેલા હબસી સુવાનને પણ ખોળીને ઝબ્બે કરવા માંગતા હતા. તેના બંડખોર સેનાપતિઓ જુનેદી, સાલારી અને આયાઝ બૂમો પાડતા હતા કે, "જમાલને પકડી લાવો, રઝીયાને શોધી લાવો. આજ મહેલમાં તેઓ ખૂણે ખાંચરે ભરાઇ બેઠાં હશે. તેમને જીવતાં કે

મુએલા પકડી લાવીને અમારી આગળ હાજર કરો."

પરંતુ તેઓ એ ધમાલ મચાવતા હતા. તેજ વખતે અચાનક કિલ્લાના દરવાજા ઉપર જબરો હોકારો પડ્યો અને તેમણે સિંહણ સમી રઝીયાને એક મોટા લશ્કર સાથે ધસી આવતી જોઇ. તેમનાં હાંજા ગગડી ગયા. તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા—

"આપણે તો ધારતા હતા કે રઝીયા આ રાજ-મહેલનાજ કોઈ ખૂણા ખાંચરામાં કે ભોંયરામાં ભરાઈ બેઠી હશે. પણ આ શું ? આ તો આપણા કરતાંયે વધુ ચાલાક નીકળી ! હેં ?"



પ્રકરણ ૧૧ મું

અશ્વપાલ જમાલ

એ બોચીયા જેવા વજીરો અને અમલદારોને રઝીયાની બહાદુરીનો ખ્યાલ ન હતો. રઝીયા કેટલી નીડર હતી, તેનામાં કેટલી સમયસૂચકતા હતી, અણીને વખતે ગમે તેવી મુશ્કેલીમાંથી માર્ગ કાઢી લેવાની તેનામાં કેટલી આવડત હતી એનો એ ઢબ્બાઓને કશો ખ્યાલ ન હતો. તેમણે તો એમજ ધારેલું કે આપણે રાજમહેલ પર ધસારો લઇ જઇશું એટલે રઝીયા તરતજ ગભરાઇને આપણી સામે આવીને ઘુંટણીએ પડશે, આપણી આગળ તે ભાઈબાપા અને કાલાવાલા કરશે કે, "મને રાજગાદીએ ચાલુ રહેવા દો. હું તમારા કહેવા મુજબ કરીશ. વગેરે."

જ્યારે રઝીયા રાજમહેલમાં હાથ લાગી નહિ, ત્યારે તેમણે કલ્પના કરી કે તે કોઇક ભોંયરામાં ભરાઈ

બેઠી હશે! એવી તેમની મનોદશા હતી! તેમને સ્વપ્નેયે ખ્યાલ ન હતો કે એ વખતેજ રઝીયા જમુના તટ પર લશ્કરને હાકો મારીને જાગ્રત કરી રહી હશે.

ઉપર જણાવ્યું છે તેમ સિંહણ સમી રઝીયાને લશ્કર લઇ આવી પહોંચેલી જોતાંજ ત્રણે સુબેદારોના હાંજા ગગડી ગયા. તેમાંય સાલારી અને આયાઝ તો છેકજ નરમ પડી ગયા. તેમને પોતાની ભુલનો પસ્તાવો થવા લાગ્યો. તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા કે-આપણે ધારતા ન હતા કે શાહજાદી આટલી બહાદુર અને ચકોર હશે. ખરેખર, એજ રાજ્ય કરવાને લાયક છે.

એમ વિચાર કરી તેઓ નિઝામ જુનેદીથી છુટા પડીને રઝીયા પાસે આવીને નમી પડયા. તેમણે એની આગળ ઘુંટણમંડીએ પડીને પોતાની ભૂલ કબુલ કરી ને માફી માંગી. રઝીયાએ સમય વિચારી લઇને ઉદારતા ધારણ કરી તેમને માફી આપી.

પછી તેણે જુનેદીની તપાસ કરાવી તો તે ગુમ થયેલો જણાયો. નોકરો આખા રાજમહેલમાં ફરી વળ્યા; પણ કશે તેનો પત્તો લાગ્યો નહિ. પાછળથી માલુમ પડયું કે રાજમહેલને પછીતને દરવાજે થઇને તે નાસી ગયો હતો અને મુલ્કે સર મુસ્બદોરના ડુંગરાળ પ્રદેશમાં તે ભરાઇ બેઠો હતો તેણે મહા મુશ્કેલીએ પોતાનો જાન બચાવ્યો હતો!

× × × ×

હલ્લામાં ઘવાયલાં પોતાનાં માણુસોને મલમપટ્ટાની અને મૃત્યુ પામેલાંઓને તેમનાં સગાં વહાલાંઓને સુપ-રત કરવાની વ્યવસ્થા કરી દઇને પછી રઝીયા જમાલની શોધમાં વળી તેના હૃદયમાં એક પ્રશ્ન ઉભો થયો–"અરેરે! એનુ શું થયું હશે?"

એને ધ્રાસકો પડચો! એ જાણુતી હતી કે એ જમાલન મારી નાંખવાને ખાતર તો આટલા બધા અમીર ઉમરાવો તલપાપડ થઈ રહ્યાં હતા. તેઓ એની સામે થતા હતા તેનું પણુ મુખ્ય કારણુ એજ હતું–કે પોતે તેમની સાથે લગ્ન કરવાની ના પાડતી હતી અને એ અશ્વપાલ યુવાન તરફ મમતા બતાવતી હતી. એને મનમાં ધ્રાસકો પડચો કે નક્કી એ લોકોએ એને મારી જ નાખ્યો હશે!

અને એ વિચાર આવતાંની સાથે એનું આખું શરીર કંપી ઉઠયું! એનો વીસ વીસ વરસનો સાથી જમાલ! પોતે ચાર વરસની હતી ત્યારથી એજ જમાલ એને ઘોડે બેસાડીને ફરવા લઈ જતો હતો! વીસ વરસના લાંબા ગાળામાં એક દિવસ પણુ એવો નહિ પડચો હોય કે જ્યારે જમાલને હાથે એ ઘોડા પર નહિ બેઠી હોય. જ્યારે એને જાતે ઘોડે બેસતાં આવ-ડયું ત્યારે પણુ ઉંચા ઘોડા પર સ્વારી કરવા માટે એ જમાલનાજ ખભાનો ટેકો લેતી. આટલા બધા લાંબા સહવાસવાળા માણુસ પ્રત્યે મમતા કેમ ન થાય?

અને એવી મમતાવાળા માણુસનો ઘાતકી રીતે ઘાત થયાની કલ્પના આવતાંજ માયાળુ હૃદયને કેટલો બધો આઘાત લાગે! એવા સંબંધીને અચાનક ઠંડા લોહીમાં કોઇએ મારી નાંખ્યાના સમાચાર માત્રથી જ રૂંવાડા ઉભા થઈ જાય એમાં નવાઈ પણ શી?

પોતાની એક વિશ્વાસુ દાસીને લઈ હાથમાં ફાનસ લઇને રઝીયા રાજમહેલમાં ફરવા લાગી. એકેએક ઓરડા તપાસી જોયા. ઘવાયલા અને મૃત્યુ પામેલા એકેએક માણુસનાં મ્હોંડાં જાતે જોઇ લીધાં. ખૂણા ખાંચા અને ભોંયરાં પણ તે તપાસી વળી. રખેને બળવાખોરોએ એને મારી નાંખીને એની લાશને એવી રીતે દફે કરી હોય! એવી શંકા રઝીયાના હૃદયમાં જન્મી. તે ક્રોધથી કમ્પી ઉઠી.

તે હોઠ પીસી મક્કમપણે બોલી—"જો એ ચાંડાલોએ એના દેહને હાનિ કરી હશે તો હું તે કરનારને ખોળી કાઢીશ. તેને ફાંસીએ ચઢાવીશ. છોડવાની નથી."

એની તહેનાતવાળી દાસીએ એ સાંભળ્યું અને બોલી—

"નામવર, આપ ચિંતા નહિ કરો. અલ્લાહ સહુ સારાં વાનાં કરશે. જમાલભાઈ જીવતાજ હાથ લાગશે. તેઓ બહુ બહાદુર છે...."

દાસી બહુ ચતુર હતી. એના છેલ્લા શબ્દો સાંભળીને રઝીયાને આનંદ થયો. તેનો ક્રોધ જરા હેઠો

ઉતર્યો. તેની ચિંતા જરા કમી થઈ. તે બોલી –

"તું સાચું કહે છે અમીના! જમાલ બહુ બહાદુર છે તે હું જાણું છું. પણ આટલા બધા ઘાતકી માણસો વચ્ચે એક માણસનું શું ગજું? એમણે એને જીવતો ન મૂક્યો હોય...."

"આપ એવું અપશુકનીયું ન બોલો. સુલતાના, જમાલભાઇ બહુ બહાદુર છે. કદાચ તેઓ નસીરને પકડવા પૂંઠે ગયા હોય...." પેલી દાસીએ શંકા રજૂ કરી.

"હા. એ સંભવિત છે." રઝીયા બોલી.

આખા રાજમહેલમાં જમાલનો રજ પણ પત્તો ન મળ્યો એટલે ઉપર પ્રમાણે છેલ્લી વાતચિત કરીને બેઉ જણીઓ મુખ્ય મહાલમાં પાછી ફરી. ત્યાં કેટલીક પરચુરણ કામગીરી પતાવીને રઝીયા શયન ખંડમાં જઈ આરામ લેવા પડી.

પરંતુ તેને ઘણો વખત સુધી નિદ્રા ન આવી. પળેપળ જમાલ એની મનોદૃષ્ટિની સામે આવીને ઉભો રહેવા લાગ્યો! એને લાગ્યું કે જમાલને ખરેખર એ લોકોએ મારીજ નાંખ્યો છે! જરા આંખો મીચે કે તરત જમાલનું શબ તેને દેખાઈ આવે. મૃત્યુની છેલ્લી વેદનાઓ અનુભવતું, તરવાર અને કુહાડીના કારમા ઘાઓથી તરફડતું જમાલનું શરીર એને વારંવાર દેખાવા લાગ્યું અને એની નિદ્રામાં ખલેલ પાડવા લાગ્યું.

"મારે ખાતર જમાલ મૂઓ–" એ વિચાર એનું કાળજું કોરી નાંખવા લાગ્યો.

ઠેઠ મધરાતે એને એક વિચાર આવ્યો:

ત્યારે હું એમ જાહેર કરી દઉં તો, કે હું જમાલ સાથે શાદી કરવાની નથી! તો?

તો જમાલ પરની આફત દૂર થાય, આ અમીરો એની સામે અદેખાઈથી બળે છે તે બંધ થાય. તેઓ શાંત થાય ને મારી આગળ વારે વારે લગ્નની માંગણી લાવી મૂકે છે તે લાવતા બંધ થાય.... હંમેશના બળવા બંધ થાય....

પણ બીજીજ પળે એનામાં રહેલો આઝાદીનો કીડો બોલી ઉઠ્યો—

મારે એવું શા માટે કરવું જોઇએ? હું સ્વતંત્ર છું. હું મારૂં દીલ ચાહે ત્યાં પરણું. હું સુલતાના છું. હું એ સહુની ઉપરી અધિકારી છું. તેઓ મને કહેનાર કે દબાવનાર કોણ! હું સુલતાના છું. હું કોઇથી બંધાઉં શા માટે?

હું એવી કોઇ જાહેરાત કરીશ નહિ. એણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો.

બીજો વિચાર આવ્યો—

હું સુલતાના છું. મારા સામ્રાજ્યમાં મારા વિચાર પ્રમાણેજ બધું થવું જોઈએ, મારા હુકમનોજ અમલ થવો જોઇએ. હું સુલતાના છું....તો મારી પ્રીતિ પામેલા

માણસનું રક્ષણ કરવા હું શક્તિમાન હોવી જોઇએ; મારો સ્નેહ પામેલા માણસનો કોઈ વાંકો વાળ પણ કેમ કરી શકે ?

જમાલને જેણે મારી નાંખ્યો હશે તેને પકડી આણો ને ઉભો ચીરાવી હું માંહે મીઠું પૂરાવીશ.

એવા વિચાર કરતી કરતી રઝીયા મોડી રાત્રે નિદ્રાધીન થઈ.



પ્રકરણ ૧૨મું

ઘોડાની નિમકહલાલી

બીજી સવારે રઝીયા મોડીજ ઉઠતે. પરંતુ અચાનક અમીના દોડતી દોડતી આવી અને સુલતાનાને હાક દઇ ઉઠાડવા લાગી. મોડી રાત્રે આંખ મળેલી હોવાથી રઝીયા ગાઢ નિદ્રામાં હતી. તેની ઉંઘમાં ખલેલ પડવાથી તે ચીઢાઈ અને દાસીને ધમકાવવા જતી હતી. એટલામાંજ દાસી બોલી ઉઠી–"જમાલભાઇ આવ્યા છે!"

"હેં ?" સુલતાનાના મ્હોંડામાંથી ઉદ્‌ગાર નીકળી પડયો. તે એકદમ જાગ્રત થઇ ગઈ. નિદ્રાનું ઘેન ખંખેરી નાંખીને તરતજ ઉભી થઇ ગઈ. આખી રાત જેને કરૂણ રીતે મૃત્યુ પામેલો ધાર્યો હતો તે જમાલ મરી ગયો નથી, જીવતો છે ને આવી પહોંચ્યો છે એ સમાચારે રઝીયાના આખા શરીરમાં એક પ્રકારનું નવું જોમ લાવી નાંખ્યું.

દાસીના શબ્દોનો પડઘો પાડી તે બોલી, "હેં? શું કહ્યું! જમાલ આવ્યો છે? ક્યાં છે?"

દાસીએ જવાબ દીધો—"હાજી. જમાલભાઇ આવ્યા છે. તે આવ્યા છે ખરા; પણ બહુ ખરાબ હાલતમાં આવ્યા છે. આપ બહાર ચાલો ને જૂઓ. જલદી ચાલો."

દાસીના મુખ પરનો ગભરાટ જોઇને રઝીયા ચમકી ઉઠી. તે સમજી ગઈ કે કાંઇ નવું જુનું થયેલું હોવું જોઇએ. તે તરત જ 'ચાલ' કહીને દાસીની પાછળ પાછળ ચાલવા લાગી. બહાર ઝરૂખામાં આવીને જુએ છે તો દરવાજામાં એક ઘોડો આવીને ઉભો છે. જમાલનો જ માનીતો ઘોડો! અને તેના ઉપર જમાલનું શરીર ઘાયલ અને બેભાન હાલતમાં લટકી પડેલું હતું. એ ઘોડાની આસપાસ મહેલના નોકરો દરવાનો વગેરેનું એક ટોળું ભરાઈ ગયું હતું. રઝીયાને ઝરૂખામાં આવેલી જોતાં જ તેઓમાંનો એક બોલી ઉઠ્યો—"બેગમ સાહેબ, આ જુઓ. આપને બતાવવા માટે જ અમે એને આમ રહેવા દીધો છે. આજ સવારે દરવાજો ખોલતાં જ આ ઘોડો આવી રીતે આવીને દરવાજા બહાર ઉભેલો માલમ પડ્યો છે. આપ હુકમ કરો એટલે અમે એને....

ઝરૂખામાંથી રઝીયા ચીડાઇને બુમ પાડી ઉઠી—"અરે, હુકમ હુકમ શું કરો છો? મૂરખાની પેઠે જોયા

શું કરો છો ? ઝટપટ ઘોડાનું જીન છોડી જુદો કરો એને –જમાલને–"

એટલું બોલતાં બોલતાં પણ પોતાથી ન રહેવાયું તેથી દોડતી દાદર ઉતરી સુલતાના પોતે નીચે આવી લાગી, અને માણસોને ધમકાવતી ધમકાવતી જાતે જ ઘોડાના બંધ છોડવા લાગી.

તત્કાળ સહુ માણસો કામે લાગી ગયા. તેમણે સંભાળપૂર્વક જીન છોડીને જમાલના શરીરને ઉતારી લીધું અને વરંડા પર ગાદલું નાંખી તેના પર તેને આરામથી સૂવાડયો. એમ કરવામાં રઝીયાએ જાતે પણ બન્યો તેટલો ભાગ લીધો. જમાલને ભાન આવે તે માટે પોતે બનતા પ્રયાસો કરવા લાગી અને નોકરોને કાંઇ કાંઇ હુકમો કરવા લાગી. એના ઘાયલ થયેલા ભાગ પર પાટા બધાવવા લાગી.

થોડી વારે જમાલને ભાન આવ્યું. એણે મંદ ઉચ્ચાર કર્યો–"હું ક્યાં છું ?"

રઝીયાએ પોતાનો હાથ એના કપાળ પર અને આંખો પર ફેરવ્યો. તે બોલી–"જમાલ, તું ચિંતા ન કર. તું મારી પાસે છે. બોલ, તને શું થયું છે? જમાલ, બોલ."

પણ જમાલનું શરીર બહુ જ અશક્ત થઇ ગયું હતું. તેને ખભે એક મોટો ઘા થયો હતો ને તેમાંથી ઘણું લોહી વહી ગયું હતું. ઘોડા પર ને ઘોડા પર તે

બેભાન થઇ ગયો હતો. પણ હારનેસના તંગમાં હાથ વેળાસર ભેરવી દીધેલા હોવાથી તે ભોંય પર પડી ગયો નહિ. નિમકહલાલ ઠરેલ ઘોડો પોતાના ધણીને સુરક્ષિતપણે ઘર સુધી લાવી શક્યો હતો. પોતાનો ધણી બેભાન થયેલ છે એનું ઘોડાને ભાન હતું. એને ઘર સુધી સંભાળપૂર્વક લઇ જવો એ મારી ફરજ છે એમ જાણે તે સમજતો હોય ને ! એવી જ રીતે એ સમજપૂર્વક વર્તીને જમાલને લઇ આવ્યો હતો.

પણ એ બધું બન્યું કેવી રીતે ?

રઝીયાની કાળજીભરી સુશ્રુષાથી અને પાટાપુટીના ઉપચારોથી જમાલ થોડી વારમાં પૂર્ણ જાગ્રતિમાં આવી ગયો. તેણે ગઈ રાતનો બનાવ વર્ણવવા માંડ્યો. નસીરને પાછલે બારણેથી નાસતો જોઇને પોતે ઘોડો લઈને તેની પાછળ પડ્યો હતો. નસીર પણ ઘોડા પર હતો. તેની એણે પૂંઠ પકડી. નદીના પટ પર પહોંચતાં નસીર સામે થયો. બેઉ જણા વચ્ચે ખૂબ ઝપાઝપી થઇ. નસીરે એક ફટકો એના ખભા પર લગાવ્યો અને પછી પોતાના ઘોડાને એડી મારી નાસી ગયો. જમાલે પણ એને ઠીકઠીક ઝાટકા માર્યા હતા.

એ બધું વર્ણવતાં જમાલને શ્વાસ ચઢી આવ્યો. તે બહુ જ અશક્ત થઇ ગયો હતો. રઝીઆએ તેની છાતી પર હાથ ફેરવી તેને આરામ લેવા કહ્યું. દરબારી હકીમને તેડવા એક બે માણસને દોડાવ્યા.

એક સુલતાના જેવી સુલતાના! આવડા મોટા દિલ્હીના સામ્રાજ્યની અધિકારિણી! તેને એક સામાન્ય અદના નોકરની આવી સુશ્રુષા કરતી જોઈને બીજા નોકરો દાંતમાં આંગળાં કરડવા લાગ્યા. કેટલાક ચકિત થયા, કેટલાક એક બીજાની સામે જોવા લાગ્યા, કેટલાક અન્યોન્ય ઇશારતો કરવા લાગ્યા, કેટલાક અદેખાઈથી બળવા લાગ્યા. કેટલાક આગળ પાછળ બબડવા લાગ્યાઃ "નસીબદાર છે ભાઈ એ હબસીનો બેટો! કે આવી મોટી શાહજાદી એને માથે હાથ ફેરવે છે!"

કેટલાક મોઢાં મચકોડીને કહેવા લાગ્યા, "અરે જવા દોની ભાઈ, એની વાત કરવામાં સાર નથી. ક્યાં તુર્ક અને ક્યાં હબસી?"

દુનિયાને હજાર મ્હોંડાં છે. એકે મ્હોંડે તાળું નથી. દુનિયા કોઈની પણ નિર્દોષતા કે નિષ્પાપતા સ્વીકારી શકતી નથી!

રઝીયા અને જમાલના સંબંધમાં એવું જ બનતું જતું હતું.

પ્રકરણ ૧૩ મું

રાજવહીવટમાં સુધારણા

એ પ્રમાણે પહેલો બળવો શમાવી દઈને રઝીયાએ રાજ્યમાં સુવ્યવસ્થા કરવા તરફ ધ્યાન આપ્યું. એણે જુદાં જુદાં ખાતાંના બધાય જવાબદાર અમલદારોને બોલાવી તેમને સવાલો પૂછવા માંડયાઃ તમારા ખાતામાં કેટલી આવક છે? શું શું ખરચ છે? તેમાં કેવી રીતે કાપકૂપ કરી શકાય? આવક કેવી રીતે વધારી શકાય? લોકોની શું શું ફરિયાદો છે? એ ફરિયાદોનો તમે કેવી રીતે નિકાલ કરો છો? વગેરે.

આ સવાલો પરથી રઝીયાને પોતાના અમલદારો, સુબેદારો વગેરેની સ્વભાવપરખ સારી રીતે થઈ ગઈ. કોણ કેટલા પાણીમાં છે? હુશીઆર કોણ છે? બોથડ કોણ છે? લુચ્ચું કોણ છે? એ બધું માલમ પડી આવ્યું. એણે કુશળ કાર્યદક્ષ માણસને ઉંચે દરજ્જે

ચઢાવ્યા અને હરામખોરોને પાણીચું આપ્યું. તેમ કરતાં કેટલાક જુના ખાઈબદેલા માણસો સામા પણ થયા. તેમને એણે કડક હાથે દબાવી દીધા. ન્યાય ખાતામાં અને ફોજદારી ખાતામાં ઘુસી ગયેલું લાંચીયાપણું એણે પકડી કાઢીને કચરી નાંખ્યું. એને પ્રતાપે રાજ્યની આમ પ્રજાને શાંતિ વળી. નિઝામ જુનેદી નાસી ગયો તેથી તેની જગાએ એણે તેના હાથ નીચે કામ કરતા ખ્વાજા મુહાજબને મુખ્ય વજીરપદ આપ્યું. કબીરખાન આયાઝને એણે લાહોરનો સુબો બનાવ્યો.

રઝીયાના આ ઝપાટાથી આખા રાજ્યમાં એક પ્રકારની સલામતીની લાગણી ફેલાઇ. લુંટારા અને ધાડપાડુઓનું જોર નરમ પડી ગયું. બળવાખોરો દબાઈ ગયા. લોકોમાં નિર્ભયતા પ્રસરી એટલે તેમના ધંધા ધાપા ખીલવા લાગ્યા. બધા સુબાઓ એને નજરાણું તથા વખતસર ખંડણી મોકલવા લાગ્યા.

રણથંભોરના કિલ્લા પર એણે સમ્શુદ્દીન નામનો સુબો મૂકયો હતો. તે અચાનક મરણ પામ્યો. તેથી એની હિંદુ રૈયતે બળવો કર્યો ને કિલ્લાને ઘેરો ઘાલ્યો. પરંતુ રઝીયાએ ત્યાં સરદાર કુતુબુદ્દીન હુશેનની સાથે મજબૂત લશ્કર મોકલી કિલ્લાનું રક્ષણ કર્યું ને બળવો દબાવી દીધો.

રઝીયાનું આખું જીવન જાણે બળવાઓ દબાવી દેવામાં જ વ્યતીત થયું હતું એમ કહીએ તો

ચાલે. એને સ્ત્રી જાણીને ઘણા સુબેદારો એની ઝુંસરી ફગાવી દેવાને લલચાઈ જતા હતા. પરંતુ જ્યારે રઝીયા તેમને કડક હાથે કચરી નાંખતી ત્યારે તેમને ખાત્રી થતી કે રઝીયા માત્ર સ્ત્રી જ નથી, એનામાં કાંઈક બીજું જ દૈવત પણ છે.

તેમ એના પ્રત્યે વફાદારી ધરાવનાર સુબાઓની એ કદર કરવાનું પણ ચુકતી નહિ. લક્ષણાવતીના સુબા ઈજ્જુદ્દીન ઇમાનખાંએ રઝીયા ગાદીએ બેઠી કે તરત પોતાના તરફથી સલામી માટે દૂત મોકલ્યો હતો. તેમજ તે નજરાણાં મોકલ્યા કરતો હતો. તેને રઝીયાએ ધજા–પતાકાની ભેટ આપી હતી. માનની નિશાની તરીકે છત્ર પણ આપ્યું હતું. વળી બીજા એક સુબા હિંદુખાનને મુલ્તાનની જાગીર રઝીયાએ પોતે ઇનાયત કરી હતી. એ પ્રમાણે તે વફાદાર માણસોની કદર પણ કરતી હતી.

પ્રકરણ ૧૪ મું

બીજો બળવો

થોડે દિવસે જમાલનો ઘા રૂઝાઇ ગયો અને તે પ્રથમની માફક હરતો ફરતો થઈ ગયો.

ત્યારથી જ રઝીયાએ પાછો પૂર્વ ક્રમ શરૂ કરી દીધો હતો. રોજ તે ઘોડે બેસીને એની સાથે ફરવા જતી. હાથી પર બેસતી તો એને પોતાની પાછળ બેસાડતી. સાચું કહીએ તો એણે જમાલને પોતાના અંગરક્ષક તરીકે જ નીમ્યો હતો. દાસી અમીના અને હબસી જમાલ એનાં બે અંગત અને વિશ્વાસુ માણસ હતાં. એ સિવાય બીજા કોઇ પર એને વિશ્વાસ ન હતો. એટલે જમાલને જ એ અંગરક્ષક બનાવે એમાં નવાઇ શી ?

અંગરક્ષકની ફરજ હંમેશાં પોતાના સ્વામીની સાથે ને સાથે જ રહેવાની હોય છે. જમાલ તેવી રીતેજ વર્તતો હતો. પરંતુ તેથીજ વાતાવરણમાં ઝેર ફેલાતું

જતું હતું.

સુલતાના ઘણીક વાર ઘોડેસ્વાર બનીને ખુલ્લે મ્હોંએ શહેરમાં ફરવા નીકળતી. તે કદિ પડદો રાખતી નહિ. તે કમ્મરપટો પહેરતી. તેની સાથે મ્યાનમાં તલવાર લટકતીજ હોય. તે હાથમાં બંગડી પહેરતી ખરી. પણ તે માત્ર ડાબે હાથે જ. જમણા હાથમાં નહિ. જે હાથે તરવાર ફેરવવાની હોય તે હાથે બંગડી પહેરવી કેમ ફાવે? એમ તે ખુલ્લેખુલ્લું કહેતી.

તે હંમેશાં નિર્ભય અને ખુશમિજાજી દેખાતી. જ્યારે કોઈના ઉપર ક્રોધે ભરાઈ હોય તે સિવાયનો બધો વખત તે હસમુખી દેખાતી. તેણે ખોટી લજ્જાનો ત્યાગ કર્યો હતો.

તે કહેતી કે રાજ્ય ચલાવવું એ મારૂં જીવનકાર્ય છે, અને તે માટે મારે પુરૂષની જેમજ વર્તવું પડશે. ખાવાપીવામાં, પહેરવા ઓઢવામાં, બેલવા ચાલવામાં, ઉઠવા બેસવામાં તે પુરૂષના જેવોજ વર્તાવ રાખતી. ચાલતી વેળા એનું જમણું પગલું જ મક્કમપણે આગળ પડતું.

એની આ બધી હિલચાલમાં હબશી જમાલ ઘણો જ અંગત રીતે ગુંથાઇ ગયેલો હતો. તે એનો અંગરક્ષક હતો અને પળેપળનો સાથી હતો એમ કહીએ તો ચાલે. એ જોઇને રઝીયાની આસપાસના ઉંચા તુર્કવં-

[illegible]

મુસલમાનોના પયગમ્બર કહી ગયા છે કે દુનિયામાં સતી સાધ્વી સ્ત્રીના જેવી પવિત્ર વસ્તુ બીજી કોઇ નથી. પરંતુ તે રાજ્યાસન માટે કોઇ પણ રીતે લાયક નથી. સ્ત્રીને રાજગાદીએ બેસાડનાર પાપમાં પડે છે. વગેરે. મોલવીઓ, ફકીરો અને કેટલાક ધર્મિષ્ટ મુસલમાનો આ માન્યતા હેઠળ રઝીયા પ્રત્યે બહુજ ઘૃણા રાખતા. તેઓ કહેતા કે આવું અધર્મ આચરણ કરનારી બાઇને મદદ કરવી એ પાપમાં ભાગ લેવા બરાબર છે.

અદેખા ઉમરાવો અને ધર્મિષ્ટ-અંધશ્રદ્ધાળુ મુસ્લીમોની ઉશ્કેરણીથી થોડાજ વખતમાં બીજો બળવો ફાટી નીકળ્યો. આ વેળા પહેલ લાહોરવાળા કબીરખાન આયાઝે કરી. તેણે બધા બંડખોરોને પોતાના વાવટા હેઠળ ભેગા કરવા માંડ્યા.

પરંતુ તેઓ બધા ભેગા થઇ શકે તે પહેલાંજ રઝીયા પોતાનું લશ્કર લઇને લાહોર ધસી ગઈ. બિચારો કબીરખાન ધારતો હતો કે રઝીયા દિલ્હીમાં ઉંઘતી રહેશે ને હું મારૂં જોર જમાવી દઇશ. જો કે પહેલા બળવામાં એને થપ્પડ પડી હતી છતાં એને સાન આવી ન હતી. રઝીયાની કુશળતા વિશે એ હજુ શંકામાં રહ્યો હતો. પણ આ બીજી વાર પણ એણે આયાઝને પોતાનું પાણી બતાવી આપ્યું. આયાઝ પોતાનું સવાસો માણસનું લશ્કર જેમ તેમ ગોઠવતો હતો તે રઝિયાના

હજાર માણુસને આવી પહોંચેલા જોઈને ગભરાઈ જ ગયો. રઝિયા આગળ નમી પડ્યો. જાણે પોતે બળવો કરવાનો ઇરાદો જ રાખ્યો નથી, એવી રીતે તેણે પાટીયાં ગોઠવવા માંડ્યાં, ને અંતે માફી માંગી.

રઝીયાએ એની માફી સ્વીકારી. પણ લાહોર સાથેનો એનો–આયાઝનો–બધો સંબંધ કપાઈ જાય એવી રીતે તેની બદલી કરી નાખી. મુલતાનના સુબા કરાંકુશખાનને એણે લાહોર સોંપ્યું અને આયાઝને મુલતાનમાં બેસાડ્યો.

આમ આ બીજો બળવો તો ઉગતામાંજ કમાઈ ગયો! એને બળવાનું નામ પણ આપી ન શકાય એટલો તે ક્ષુદ્ર હતો. છતાં રઝીયાના જીવનમાં તે ચોક્કસ ભાગ ભજવતો હતો. એટલે એની ઉપેક્ષા થઈ શકે નહિ.

પ્રકરણ ૧૫ મું

ત્રીજો બળવો

ભટિંડાનો સુબો ઇખત્યારૂદ્દીન અલતુનિયા ઘણો જોરાવર હતો. તેની પાસે પુષ્કળ લશ્કર તેમજ પૈસા પણ હતા. તેને રઝીયાના એક દરબારી અમીર-ઈ-હજીબ એતકીન સાથે ભારે દોસ્તી હતી.

હજીમ એતકીને અલતુનિયાને ભારે લાલચો દેખાડીને ઉશ્કેરવા માંડયો. રઝીયાએ અલતુનિયા ઉપર ભારે ઉપકારો કર્યા હતા. ખરૂં જોતાં તો અત્યારની એની જાગીર રઝીયાએ જ એને આપેલી હતી. હજીબ એતકીનને પણ રઝીયાએ જ બુલંદશહરનો સુબો બનાવેલો હતો.

છતાં એ બંને સુબાઓ મસલત કરીને રઝીયાની સામે થયા. ઉપકાર સામે અપકાર! રઝીયાનું આખું જીવન જ ઉપકારના બદલામાં અપકાર અનુભવવામાં ગયું હતું. અને તેથી જ પાછલા ભાગમાં જીવનથી તે બહુ

જ કંટાળી ગઇ હતી. જેના ઉપર એણે ભારે ભારે ઉપકારો કરેલા તેજ માણસો એના તરફ બેવફા બનીને સામે થતા હતા. નિમકહલાલ અને વિશ્વાસપાત્ર કોઇ માણસ એને મળ્યો હોય તો તે એકજ–જમાલ.

કરેલા ઉપકારો ભૂલી જઇને અલતુનિયા અને એતકીન બેઉ જણાએ રઝીયાની સામે થઇને બંડ જગાવવા માંડ્યું. રઝીયા પોતાનું લશ્કર લઇને તેમની સામે લડવા ઉપડી.

ભટિંડાનું તે વખતનું નામ હતું તબ્રહિંદા. આ બળવાનો સમય હતો મે મહિનો ઇ. સ ૧૨૩૯.

સખત તાપ પડતો હતો. વાટ લાંબી હતી. રેતીથી ભરપુર અને ધુળના તો ગોટેગોટા ઉડે. અસહ્ય તાપમાં મહા મુશ્કેલીએ રસ્તો વટાવી રઝીયા ભટિંડાની છેક નજીક આવી પહોંચી. પણ તે ભૂખ તરસ અને થાકથી છેક જ નિર્બળ થઇ ગઈ હતી. તેનું આખું લશ્કર પણ તેના જેવું જ થાકીને લોથપોથ થઇ ગયું હતું.

તેજ વખતે અલતુનિયા અને એતકીન બેઉ જણા પોતપોતાનાં લશ્કર લઇને એના ઉપર તુટી પડ્યા.

આખો દિવસ નપાણીઆ મુલકનો વિકટ પ્રવાસ કરીને થાકી ગયેલા રઝીયાના સિપાઇઓ એ હલ્લા સામે ટકી શક્યા નહિ. તેઓ ટપોટપ પડવા લાગ્યા. કેટલાક નાસી ગયા. ઘણાક કપાઇ મૂઆ. અલતુનિયાએ રઝી-

યાને કેદ પકડી. એતકીને હબસી જમાલને પોતાની તરવારનો એકજ ઝાટકે ભોગ બનાવી દીધો !

બંડખોરોએ રઝીયાને ભટિંડાના કિલ્લામાં કેદ કરી. સિંહણ પાંજરામાં પૂરાઇ !

પ્રકરણ ૧૬ મું.

નવો સુલતાન !

ભટિંડાના કિલ્લામાં રઝીયાને બરાબર કેદ કરીને તેના ઉપર વિશ્વાસુ, અચળ માણસોનો પહેરો મૂકી અલતુનિયા અને એતકીન દિલ્હી જવા ઉપડયા. અત્યાર સુધી કોઈ પણ સુબાએ નહિ કરેલું કામ પોતે કરેલું હતું તેથી તેમના મનમાં અજબ જેવો તોર આવી ગયો હતો. અલતુનિયા તો હંમેશ ભટિંડા રહેતો. પણ એતકીન તો દિલ્હીની પાસેનીજ જાગીર બુલંદ-શહરનો સુબો હતો. એટલે તે તો કાયમ દિલ્હીમાંજ

રહેતો. દિલ્હીના રાજવહીવટની ઘણીખરી બાબતોમાં તે જાણકાર હતો.

એટલે દિલ્હી પહોંચીને તેણે પહેલું જે કામ કર્યું તે ત્યાંનો રાજવહીવટ હાથ કરવાનું જ હતું. આ બેઉ જણાઓએ મળીને દિલ્હીમાં જાહેરનામું બહાર પાડ્યું કે અધર્મી સુલતાનાને પદભ્રષ્ટ કરવામાં આવી છે. અને હવે તેની જગાએ મરહુમ સુલતાનના વંશજને ગાદીનશીન કરવામાં આવશે. તે બધું વિધિસર થાય ત્યાં સુધી એતકીન અને અલતુનિયા બધો રાજવહીવટ સંભાળશે. સર્વે પ્રજાજનોએ તેમના હુકમને તાબે થવું. વગેરે.

આ પછી તુરત જ તેઓ મુઈઝુદ્દીન બહેરામશા નામના અલ્તમશના એક પુત્રને શોધી લાવ્યા. રઝીયાનો તે ઓરમાન ભાઈ થાય. રઝીયાની ઓરમાન મા, પેલી રાક્ષસી શાહતુર્કાનના સપાટામાંથી એ બચી ગયો હતો. તેના વખતમાં એ પોતાને મોસાળ રહેતો હતો તેથી જ બચી ગયેલો! નહિ તો એ રાક્ષસીએ ક્યારનો એને પણ ઝબ્બે કરાવી નાંખ્યો હોત.

એ બહેરામશાને આ લોકો એને મોસાળથી તેડી લાવ્યા અને તેને નવા સુલતાન તરીકે જાહેર કર્યો. તેમણે બહેરામશાના નામની આણ ફેરવી અને પોતે રાજવહીવટ કરવા લાગ્યા.

હજુ તેમણે રઝીયાને પદભ્રષ્ટ કરીને ક્યાં છુપાવી

રાખી છે તે જાહેર કર્યું નહોતું. જો તેમ કર્યું હોત તો રઝીયાના પક્ષના કેટલાક ઉમરાવો, રઝીયાને ચહાનારા કેટલાક સાત્વિક લોકો તેને મળવા દોડી જાત અને આ બે સુબાઓને રાજવહીવટ બથાવી પાડવામાં આડખીલી રૂપ તેઓ થઈ પડતે. પરંતુ તેવું કાંઇ બન્યું નહિ.

એ ખબર ધીમે ધીમે રાજ્યમાં ચોમેર ફેલાવા લાગી. સુલતાના રઝીયાને ઉથલાવી પાડવામાં આવી છે અને તેની જગાએ મુઇઝુદ્દીન બહેરામશા સગીરને ગાદીનશીન કર્યો છે એવા સમાચાર જાણીને દૂર દૂરના ઘણાક સુબાઓએ દિલ્હીની ઝુંસરી ફગાવી દેવા માંડી. અલતુનિયા એક મોટો સુબેદાર હતો પણ એતકીન નાનો જાગીરદાર હતો. તેના હાથમાં જ રાજ્યની લગામ આવી પડેલી હતી. એટલે મોટા સુબાઓને એની સાથે ઉપરી ગણીને વર્તવામાં નાનમ લાગી.

તેજ પ્રમાણે બીજા કેટલાક નાના સુબાઓ અને અમલદારો એતકીનની ગઠીઆ ટોળીમાં ભળવા લાગ્યા. તેઓ જાણતા હતા કે આપણા હાથમાં કાંઇ આ વહીવટ હંમેશ રહેવાનો નથી. આપણા કરતાં બહુ મોટા મહારથીઓ સામ્રાજ્યમાં પડયા છે. એવા વિચારે તેઓ રાજવહીવટમાં ભારે અપ્રમાણિકપણું કરતા અને રાજ્યને નાણે તેઓ પોતાનાં ઘર ભરતા. રાજ્યની તીજોરીમાં ગાબડાં પાડી તેઓએ બને તેટલી વધુ માલમતા પોતાની ખાનગી તિજોરીમાં ગોઠવવા માંડી.

અલતુનિયા આમ રઝીયાની સામે થયો હતો ખરો, પરંતુ એતકીનની અપ્રમાણિકતા અને રાજવહીવટમાં દાદાગીરી જોઈને એ ત્રાસી ગયો! થોડાજ વખતમાં એને લાગ્યું કે મેં ભૂલ કરી છે. આ બદમાસોના ત્રાસથી રૈયતને દુઃખી કરવાનું પાપ મારાથી થઈ ગયું છે. એના કરતાં તો રાજવહીવટ સુલતાનાના હાથમાં હતો તેજ બરાબર અને સલામત હતું. આ તો રૈયત બીચારી કર આપે છે છતાં તેમને કશો ન્યાય કે રક્ષણ મળતું નથી. લાંચીઆ દરબારીઓ બધું રાજદ્રવ્ય ઓહીયાં કરી જાય છે. એ બહુ ખોટું થયું!

આવા વિચારે અલ્તુનિયાને ઘણો પસ્તાવો થવા લાગ્યો. વળી એતકીન દિલ્હીનો જુનો રહેવાશી હતો તેથી બધી રાજસત્તા તેના જ હાથમાં રહેતી હતી. એ જોઇને પણ એને અદેખાઈ આવવા લાગી. આથી એક દિવસ તે કોઇને પણ કહ્યા કારવ્યા વગર અચાનક દિલ્હી છોડીને નીકળી પડયો.

પ્રકરણ ૧૭ મું.

અલતુનિયાની આજીજી

ભટિંડાના કિલ્લામાં કેદી રઝીયા હાથમાં જંજીરો સાથે પોતાની જેલના સળીયા ગણતી હતી અને આ ઘોર અંધકારમય જીંદગી હવે ક્યારે પૂરી થાય તેની વાટ જોઇ રહી હતી. એણે એક દિવસ ભારે જાહોજલાલી જોઇ હતી. આજે તે અંધકારમય કૂવામાં આવી પડી હતી. દિલ્હીના રાજસિંહાસન પરથી એક દિવસ એ ચોમેરના રાજવીઓને, સુબેદારોને થથરાવી મૂકતી હતી. તેજ રઝીયા આજે એક સામાન્ય કેદી બનીને પરાધીન દશા ભોગવતી હતી. એના ઉપર મૂકેલા ચોકીદારો પણ પૂરા હૈયાસૂના હતા. એની ખાવાપીવાની કશી જોગવાઇ બરાબર સચવાતી નહિ. તેઓ એને અનેક રીતે ત્રાસ આપતા હતા. રઝીયા એ દુઃખે અલ્લાહના ઘરનું આમંત્રણ ક્યારે આવી પહોંચે તેની વાટ ભારે ઉત્સુકતાથી જોઈ રહી હતી.

એવામાં એક દિવસ એની જેલનો દરવાજો અચાનક ઉઘડયો અને તેમાં જુવાન અલતુનિયા ઉભેલો દેખાયો. તેના હાથમાં તરવાર હતી. શું તે રઝીયાનો જાન લેવા આવ્યો હતો ? આવ્યો હોય તો ભલે આવે. રઝીયા તો તે માટે તૈયાર જ હતી. શિયાળવાં કરતાંયે બુરી જેલની જીંદગી એક ભવ્ય સિંહણથી કેમ સહન થાય ?

ત્યારે શું ખરેજ એ રઝીયાનો જાન લેવા આવ્યો હતો ? રઝીયાથી એ ન સમજાયું. તેના મુખમાંથી અસ્પષ્ટ ઉદગાર નીકળી પડયો—

"કેમ ?"

આગળ તેનાથી કાંઇ બોલાયું નહિ. અલતુનિયા શત્રુ તરીકે આવ્યો છે કે મિત્ર તરીકે તે જ્યાં સુધી સમજાય નહિ, ત્યાં સુધી તેને શું પૂછવું ને કેવી રીતે પૂછવું તે કેમ નક્કી કરી શકાય ?

"રઝીયા !"

અલતુનિયા બોલ્યો. તેનાથી આગળ કાંઈ બોલી શકાયું નહિ. તેનું ગળું રૂંધાઇ ગયેલું લાગ્યું. એ હાથમાં ખુલ્લી તરવાર આડી ધરી :રાખીને ગંભીર પગલે તે આગળ આવ્યો. લગભગ ત્યાં સુધી રઝીયાનું હૃદય થથરતું રહ્યું. મારશે કે મૈત્રિ કરશે ? એ શંકા ઉછળી રહી.

પણ રઝીયાની નજીક આવીને તેણે પોતાની

તરવાર તેના ચરણું આગળ મૂકી દીધી. ઘુંટણુમંડીએ પડીને તે બોલ્યો—

"રઝીયા, મેં તને બહુજ દુઃખી કરી છે. વિનાકારણ બહુ દુઃખી કરી છે. મારાથી ભૂલ થઇ છે. તે તું મને માફ કર. મારા કૃત્યની માફી માંગવા માટે હું તારી પાસે આવ્યો છું."

રઝીયા કાંઇ બોલી નહિ. હજુ તેને સમજ પડી નહિ. શેની માફી? ને શી વાત? તે અલતુનિયા પ્રત્યે કુતુહલથી જોઈ રહી.

તે બોલી—"તું કાંઇક સ્પષ્ટતાથી વાત કરશે? વાત સમજાયા વગર શેની માફી આપું?"

"શેની? તે આ મેં તને પરહેજ કરી તેની. તને પરહેજ કરવામાં અને તારી પાસેથી રાજસત્તા છીનવી લેવામાં મેં મુખ્ય ભાગ ભજવ્યો છે. હવે હું એને માટે પસ્તાઉં છું."

એમ કહી તેણે પાસે ઉભેલા સંત્રીઓને હુકમ કર્યો—"બેડીઓ છોડી નાંખો."

પરંતુ તે સંત્રીઓ પાસે આવીને બેડીઓ છોડવા માંડે તે પહેલાંજ તે આગળ બોલવા લાગ્યો—

"હું જાણું છું કે તું ઉદાર છે. તારીજ સહાયથી મેં આ ભટિંડાની જાગીર પ્રાપ્ત કરી હતી. હું કાંઈ તારા ઉપકાર ભૂલી ગયો નથી. કદિ ભૂલી જવાનો નથી. તું કહેશે તે ઘડીએ તારે ખાતર મરવાને હું તૈયાર

થઇશ. પણ-પણ એક બાબતમાં તારે મારૂં કહ્યું માનવું પડશે......."

"શી બાબતમાં ?" એમ બોલતાં રઝીયાના હોઠ માત્ર ફફડીને રહી ગયા.

"જો. રઝીયા, તું બહુજ હુશીયાર છે, કાબેલ છે. રાજ્ય વહીવટ ચલાવવા માટેની પૂરી લાયકાત તારામાં છે. છતાં તેં એક ભૂલ કરી છે અને તેથીજ તને આટલા બધા પરિશ્રમ છતાં સફળતા નથી મળી. તારી એ ભૂલને પરિણામે તું દુઃખી થઇ, અમે દુઃખી થયા, સારી રૈયત દુઃખી થઇ, અમે બધા વારાફરતી નિમકહરામ થયા, તારા ઉપકાર ભૂલીને તારી સામે થયા, તને નિરાંતે બેસવાનો વખત જ ન આવ્યો. એ બધું તારી એકજ ભૂલને પરિણામે છે. જો તેં સમાજની સામે થવાનો પ્રયાસ કર્યો ન હોત...."

"એટલે ?" રઝીયાના મ્હોંમાંથી શબ્દ નીકળી પડ્યો.

"જો તેં સમાજની ઇચ્છાને માન આપીને લગ્ન કરી લીધાં હોત, તો આ બધું કાંઇ પણ બન્યું ન હોત. અમીર, ઉમરાવો, મોલવીઓ, ધર્માધિકારીઓ અને આખોયે સમાજ, આખોયે લોકસમુદાય એમ ઇચ્છે છે કે તારે પરણી જવું જોઇએ. તારે લગ્ન કરવાં જ જોઇએ. છતાં એ લોકેચ્છાને તું માન આપતી નથી. તેથી જ સમસ્ત લોકો અને તું પોતે પણ દુઃખી થાય

છે. કારણ કે તું જે લોકોને સુખી કરવા માટે જીવતોડ મહેનત કરે છે તે લોકો સુખી થઈ શકતા નથી. તારાં લગ્ન વગર........"

"શું હું લગ્ન કરૂં? કોની સાથે કરૂં?" રઝીયાથી મનમાં વિચાર કરતાંજ મોટેથી બોલાઈ ગયું.

"કોની સાથે? મારી સાથે." અલતુનિયાએ પોતાની છાતી પર સગર્વ હાથ મૂકીને કહ્યું:–"હું તને કહું છું, મારી સાથે લગ્ન કર. રઝીયા, હું તને ચાહું છું. હું તારો પ્રશંસક છું. તારા બધાય ગુણો મને ગમે છે. અને એટલેજ હું તને કહું છું, કે ચાલ, આપણે બે જણાં પરણી જઈએ અને પરણ્યા પછી આપણે બે આખી દુનિયાને ભારે થઇ પડીએ. તું બળવાન છે. હું યે બળવાન છું. આપણે બે એક થઇ જઇશું તો પછી આખા સામ્રાજયમાં કોઇની મજાલ નથી કે આપણી સામે થઈ શકે. રઝીયા, વિચાર કર."

પ્રકરણ ૧૮ મું

મનોમંથન

એમ બોલી અલતુનિયા પાસે પડેલા એક પથરા ઉપર પગ ટેકવીને બેઠો. રઝીયાના મુખ સામે એ ટગર ટગર જોઈ રહ્યો હતો. દૂર ઉભેલા સંત્રીઓ એમનો આ વાર્તાલાપ કુતુહલપૂર્વક જોઇ રહ્યા હતા.

રઝીયા પણ એનાં છેલ્લાં વાકયોથી વિચારમાં ને વિમાસણમાં પડી ગઇ હતી. અલતુનિયાના શબ્દોમાં એને કાંઇક તથ્ય લાગતું હતું. અલતુનિયા શું કહેતો હતો? પોતે ભૂલ કરી હતી. રઝીયાએ પણ ભૂલ કરી હતી. જો એ પરણી ગઈ હોત, તો આ બધું કશું બન્યું ન હોત; આ સુબેદારોના બળવા, તેમની નિમકહરામી, હજારોની કતલવાળી લડાઇઓ, લાખ્ખોના નિસાસા, રૈયતનો મરો, પોતાની નિશ્ચિંતતાનો નાશ એ બધું કશુંયે બન્યું ન હોત. અલતુનિયા કહે છે એ શું સાચી વાત નથી ?.

તેણે પોતાના મન સાથે પ્રશ્ન પૂછ્યો. અને એનું મન ડગમગવા લાગ્યું. અલતુનિયા કહે છે તે ખરૂં છે. ખરૂં જ છે. હું પરણી ગઇ હોત તો આ અદેખા

અમીરો ફરી ઠામ બેઠા હોત.

પણ હું સુલતાના, સ્વતંત્ર. મારે માથે ધણી ?

રઝીયાને એ વિચારે કમકમાં આવ્યાં. રગેરગ સ્વતંત્રતાના, આધિપત્ય ભોગવવાના ગુણવાળી એ પરણી જવાનો વિચાર સહન કરી શકી નહિ. તે શંકામાં પડી ગઇ અને મનમાં ચિંતન કરવા લાગી.

"આ સારૂં કે પેલું ? લગ્ન કે અલગ્ન ? શેનાથી હું લોકોની સેવા વધારે સારી રીતે કરી શકું ?"

અલતુનીઆ બોલ્યો—

"જો, રઝીયા, અત્યાર સુધી તેં અપરિણીત દશામાં રહીને દેશની સેવા કરી છે. અને તેનું કેવું પરિણામ આવ્યું છે તે તેં જોયું છે. તને અપરિણીત જોઇને રાજ્યના અમીર ઉમરાવો અદેખાઇની આગમાં બળી જાય છે. તેઓ વારે ઘડીએ તારા હુકમનો અનાદર કરે છે. તેમને એક સ્ત્રીના તાબામાં રહેવું એમાં હીણપત લાગે છે. અને તેથીજ તેઓ વખતોવખત સામે થયા કરે છે. એને પરિણામે તને કશાય કાર્યમાં સફળતા મળતી નથી. તારી બધીય આશાઓ અને અપેક્ષાઓ ધૂળમાં મળી જાય છે. એ બધુંય પરિણામ માત્ર તારી અપરિણીત દશાનું જ છે, એમાં કાંઇ શક નથી. આની જગાએ જો તેં શાદી કરી લીધી હોત, જો તું ગમે તે, મનગમતા પુરૂષ સાથે પરણી ગઇ હોત અને પછી તેને રાજ્ય દંડ સુપરત કરી તેં સલાહકાર તરીકે

રહીને વહીવટ કર્યો હોત તો બધું તારી મરજી મુજબ થતે. તારી બધીયે અભિલાષાઓ, તારા બધા યે મનસુબાઓ સફળ થતે. રઝીયા, શું મારૂં કહેવું તને ખરૂં નથી લાગતું ?”

રઝીયા કાંઇ બોલી નહિ. તે વિચારમાં પડી ગઇ હતી. તેને મનમાં લાગતું હતું કે અલતુનિયા જે કંઇ કહેતો હતો તેમાં તથ્ય હતું. પોતાની નિષ્ફળતાનું મોટામાં મોટું કારણ એજ હતું કે પોતે પરણેલી ન હતી. પોતે એક સ્ત્રી હતી, અને સ્ત્રીના તાબામાં રહીને અધીનતા ભોગવવામાં સર્વે અમીર ઉમરાવોને હીણુપત લાગતી હતી. જો પોતાના કહ્યામાં રહે એવા કોઇ પુરૂષ સાથે પોતે પરણી ગઇ હોત તો કદાચ એને અત્યાર કરતાં વધુ સફળતા મળી હોત. એની ધારણાઓ અને આશાઓ વધુ સફળ થઇ હોત. તેમ ન થયું તેથી એના જ તાબેદાર અમીરોએ એને સુખે બેસવા ન દીધી. વારે વારે તેઓ એની સામે થયા. એની બધીયે યોજનાઓ તેમણેજ તોડી પાડી. કોઇના ઉપર પણ એ વિશ્વાસ મૂકી શકતી ન હતી. કોઇ પણ એનો વિશ્વાસુ ન હતો.

એક એકનાં વિશ્વાસુ એવાં બે જણ વગર એક સામાન્ય ગૃહયંત્રનો વહીવટ બરાબર ચાલતો નથી. એક બીજાના વિશ્વાસુ—એક બીજા પ્રત્યે નિમકહલાલ હોય એવા બે ભાગીદાર વગર કોઇ ધંધો કે પેઢી વ્ય-

વસ્થિત રીતે ચાલતી નથી. તો રાજ્યતંત્ર જેવી મહાન પેઢી બે વિશ્વાસુ માણુસો વગર કેમ જ ચાલે?

રઝીયાને પહેલો વહેલો આજે જ એ વિચાર આવ્યો. તેણે મન સાથે પ્રશ્ન કર્યો–એકલા એક જણનું તે કાંઈ જીવન છે?

ધીમે ધીમે રઝીયાનું મન બદલાવા લાગ્યું. અલતુનિયા સાચું કહેતો હતો. તેણે પોતાની વાગ્ધારા ચાલુ રાખી હતી. તે કાકલૂદી કરીને કહેવા લાગ્યો–"રઝીયા, તું બીજા બધા વિચારોનો ત્યાગ કરી દે. મારૂં કહ્યું માન અને મારી માંગણીનો સ્વીકાર કર. તું એમ રખે ધારીશ કે તારી સાથે શાદી કરીને હું તને ગુલામીમાં નાંખીશ. ના. ના. ઉલટું હું તો એમ કહું છું કે તારી સાથે શાદી કરીને હું અભિમાનપૂર્વક તારી ગુલામી સ્વીકારીશ. તારા પ્રત્યે મને માન છે. તારી બુદ્ધિ શક્તિ પર હું મુગ્ધ છું. તારા જેટલું ચાતુર્ય જો બીજા કોઇમાં હોત તો તેણે આખી આલમ ગજાવી હોત. અરે, ખુદ તુંયે જો પુરૂષ હોત તો આખી આલમને તેં તારે ચરણે નમાવી હોત. પરંતુ તેમ નથી. તું પુરૂષ નથી. સ્ત્રી છે. એટલો જ માત્ર તારો દોષ છે. અને એથીજ હું તને કહું છું કે તું મારા પૌરૂષનો સ્વીકાર કર. તું મારા હાથનો સ્વીકાર કર. અને પછી તારો બનેલો એ હાથ રાજ્યના વટહુકમો ઉપર સહી કરશે."

—•—

પ્રકરણ ૧૯ મું

અંતે પીગળી

રઝીયા અલતુનિયાની દલીલો પાછળ સરતી જતી હતી.

અલતુનિયા આગળ બોલ્યો–રઝીયા, હું શા માટે તારી આટલી કાકલુદી કરૂં છું તે જાણે છે ? હું જોઉં છું કે આજે આપણો દેશ ફના થઇ રહ્યો છે. દરેક તાબેદાર સુબો પોતપોતાનો મુલક જુદો પાડી નાંખીને સામ્રાંજ્યના ટુકડેટુકડા કરી નાંખવાની તૈયારી કરી રહ્યો છે. એક વખત આપણી જે જાહોજલાલી હતી તે અત્યારે નષ્ટ થઇ ગઇ છે. એને પરિણામે દેશની રૈયત આખી રીબાય છે. તેઓ ભૂખે મરે છે. તેમને કશી દાદ ફરિયાદ મળતી નથી. ગામેગામ ચોર અને લૂંટારાનો ત્રાસ વધી પડ્યો છે. દેશમાં કશી વ્યવસ્થા કે શાંતિ નથી. રૈયત આખી ત્રાય ત્રાય પોકારી રહી છે. અને તે જોઇને મારૂં હૃદય બળી જાય છે. તેજ કારણે

હું આજે તારી પાસે આવ્યો છું. એક પાકો નિશ્ચય કરીને હું તારી પાસે આવ્યો છું. ગમે તેમ કરીને પણ તારી પાસેથી હકારમાં જવાબ લેવાનો નિર્ધાર કરીને હું આવ્યો છું. રઝીયા, ચાલ આપણે પરણી જઈએ, અને આપણી આખી રૈયતને, ગરીબડી નિર્દોષ રૈયતને, ત્રાસમાં રીબાતી અટકાવીએ.

રઝીયા પીગળી. ખરૂં કહીએ તો અત્યાર સુધીના કડવા અનુભવને પરિણામે અને અત્યાર સુધીમાં પોતાને મળેલી નિષ્ફળતાને કારણે તે જીવનથી કંટાળી ગઈ હતી. જેલમાં પડ્યે પડ્યે તો એણે હવે વધુ જીવવા કરતાં જીવનનો અંત આણવો એમજ નિશ્ચય કર્યો હતો. જેલના દરવાજાનાં દ્વાર ઉઘડ્યાં અને એણે અલતુનિયાને હાથમાં તરવાર સાથે આવતો જોયો એટલે એણે મનમાં એમજ ધાર્યું હતું કે તે મને મારી નાંખવાજ આવે છે. તે મન સાથે બોલી હતી–"હા. લે આવ. તરવારથી ડોકું ઉડાવી દે. હું મરવાને તૈયાર છું."

પણ અલતુનિયાએ તો આવીને જુદી જ વાત કાઢી. તે તો કહેવા લાગ્યો કે, મારી સાથે શાદી કર. આપણે બે એક થઈને આખીયે આલમને ભારે પડીશું. આપણે બે મળીને દેશની ધારી સેવા કરીશું.

રઝીયાને ગળે એ વાત ઉતરી ગઇ. મરી જવા કરતાં તો એ અખતરો કરી જોવો સારો છે. એક વાર અપરિણીત રહીને દેશસેવા કરી જોઈ. હવે પરણીને દેશસેવા

કરવી. તેણે મનમાં નિશ્ચય કર્યોઃ વારૂ હું પરણીશ.

તેણે અલતુનિયાને કહ્યું-"વારૂ, હું પરણીશ. તારી જ સાથે પરણીશ."

યુવાન, ઉત્સાહી, અને તનદુરસ્ત અલતુનિયા એને ગમતો પણ હતો.

પ્રકરણ ૨૦ મું.

લશ્કર ભરતી

પછી થોડા જ દિવસમાં યોગ્ય અવસર જોઇને રઝીયા અને અલતુનિયા પરણી ગયાં. ભટિંડામાં એમનો લગ્નોત્સવ ઉજવાયો. પણ એ લગ્નોત્સવની ખબરે દિલ્હીમાં જાણે આગ ઉડી !

અલ્તુનિયા પરણી ગયો !

હેં? અલ્તુનિયા પરણી ગયો ?

રઝીયા સાથે પરણી ગયો ?

દિલ્હીમાં જાણે વિજળી પડી હોય તેમ થઇ ગયું. બધા અમીર ઉમરાવો દોડાદોડી કરવા લાગ્યા. હેં ? અલતુનિયા પરણી ગયો ? રઝીયા-સુલતાનાને પરણી ગયો ? માનિની, ઘમંડભરી સુલતાના રઝીયા શું અલતુનિયા જેવા એક ખોચીયા, નાદાન, ત્રણ દમડીના ઇનામદાર સાથે પરણી ગઇ ?

તેઓ બધા એક થઈ ગયા ! તેમણે પાકો સંપ કર્યો. જો તેઓ દિલ્હી આવે તો તેમનો જબ્બર સામનો આપણે સહુએ કરવો એ બાબતમાં તેઓ એક બીજા સાથે વચનથી બંધાયા.

આ તરફ લગ્નની પ્રાથમિક વિધિઓ પૂરી થઈ કે તરતજ રઝીયાએ લશ્કર ભેગું કરવા માંડ્યું. હવે તેનું જીવન બદલાઇ ગયું હતું. એનો પતિ અલતુનિયા એની સાથે હતો. બેઉએ મળીને ગામેગામ ફરીને પુષ્કળ લડાયક માણસો ભેગાં કર્યાં. તે દિવસોમાં કાંઇ આજની પેઠે લશ્કરી કવાયત ન હતી. ફોલ ઇન, રાઈટ એબાઉટ ટર્ન, ક્વીક માર્ચ, ફાયર ! એવા એવા હુકમો સાથેની આધુનિક ડ્રીલ ન હતી. તે જમાનામાં તો જે લડાયક સ્વભાવનાં માણસો હોય તે એવા ઝાહેલ સેનાપતિની સાથે લડવા જાય, લડે, જીતાયલાઓને લુંટે અને લુંટમાંથી તેમને ભાગ મળે. એવી રીતે મોટાં લશ્કરો ભેગાં થતાં હતાં. નાના અને નવા સરદારો એમજ પોતાનો પગદંડો જમાવતા.

રઝીયા અને અલતુનિયાના લશ્કરમાં ઘણાં માણસો જોડાયાં. મોવર અને જાટ લોકોમાંથી ઘણાક સિપાઈઓની ભરતી થઈ. 'દિલ્હીની સુલતાના આપણી નજીક આવીને રહી છે' એમ જાણીને કેટલાક વફાદાર અમીરો પણ તેમને આવીને મળ્યા. તેમણે કેટલાંક નાણાં પણ સુલતાનાને ભેટ આપ્યાં, જેમાંથી લશ્કરની ખાધાખોરાકીનો ખરચ સરળતાથી ચાલવા માંડયો.

પછી તેમણે દિલ્હી તરફ કુચ કરવાનું નક્કી કર્યું. તે માટે તેમણે એક દિવસ ઠરાવ્યો. જે દિવસે તેઓ ઉપડવાના હતા તેને આગલે દિવસે તો દિલ્હીના તાબેદાર બે મોટા સુબાઓ ઇઝુદ્દીન મહમદ સાલાહી અને કરાંકુશખાન ખાનગી રીતે રઝીયાને મળી ગયા. તેથી એમને ઘણી હુંફ મળી. તેમને લાગ્યું કે જો આપણે એક વાર દિલ્હી પહોંચીને ત્યાંનો વહીવટ હાથમાં લઈ લઇએ તો પછી આ બેઉ સુબાઓ આપણને સારી મદદ કરશે.

પણ આ ગણતરીમાં તેમણે ભૂલ કરી હતી. સાલાહી અને કરાંકુશખાન બેઉ લુચ્ચા હતા. તેમના પેટમાં લુચ્ચાઇ એ હતી કે દુધમાં ને દહીંમાં બંનેમા પગ રાખવો. છેલ્લા યુધ્ધમાં કોણ જીતશે? રઝીયા કે નવો સુલતાન બહેરામશા? તેની કાંઇ ખાત્રી ન હતી. એટલે એ મુત્સદ્દી સુબાઓ પોતે દૂર રહીને બંનેને રાજી રાખવા ઇચ્છતા હતા. તેથીજ જ્યારે છેવટની અણીને વખતે રઝીયાને સહાયની જરૂર પડી ત્યારે બેમાંથી કોઈ પણ કામ લાગ્યું નહિ.

પ્રકરણ ૨૧ મું

છેવટ

આ પછીનો રઝીયાનો ઇતિહાસ કરૂણતાથી ભરેલો છે. અલતુનિયા અને પોતે પોતાનાં લશ્કરો લઇને દિલ્હી તરફ જવા લાગ્યાં. પરંતુ માર્ગમાંજ બહેરામશાના લશ્કર સાથે તેમને ભેટો થઇ ગયો. તેઓ બહુજ બહાદુરીથી લડયાં. પરંતુ સામે પક્ષે જોર અતુલ હતું. અલતુનિયા પ્રત્યે અદેખાઇથી બળતા એકેએક સુબેદારે પોતાનાં લશ્કરો વડે સુલતાન બહેરામશાને સહાય કરી હતી. તેમની પાસે સાધનો પણ સારાં હતાં. બેઉ પક્ષની તુલના થઈ શકે તેમ હતુંજ નહિ. વળી જેમની ભાગ્યદશા અવળી હોય છે તેમના સવળા પાસા પણ અવળા થઈ પડે છે. કેટલુંક લશ્કર રઝીયા–અલતુનિયાને મદદ કરવા માટે પાછળથી આવતું હતું. તે લશ્કર તો કઇશાલ સુધી આવી પહોંચેલું છતાં રઝીયાના અવળા પડેલા પાસાની વાત સાંભળીને પાછું નાસી ગયું.

પોતાનું લશ્કર ઘાસની પેઠે કપાઈ વિંધાઇ જતું જોઇને આ દમ્પતીને પાછા હઠવું પડ્યું. વિના કારણે માનવીઓના જાન ગુમાવવામાં શો અર્થ છે? તેઓ બાજુએ ખસી ગયા! લશ્કરને પાછું ખેંચી લીધું. બહેરામશાના લશ્કરે ભટિંડા પહોંચી જઇ તેના કિલ્લા પર છાપો મારી કબજે કર્યો.

અલતુનિયા અને રઝીયા રવડી ગયાં! તેમની દશા રસ્તામાં ફરતાં સામાન્ય માનવીઓ જેવી થઇ પડી! અરે, સામાન્ય માનવીઓ કરતાં યે બદતર થઇ પડી. કારણ કે તેમને તો રહેવાને માટે સારું સીધું ઘર પણ હોય છે. આમને તો ઉપર આભ ને નીચે ધરતી જેવું થઇ પડ્યું. નવો સુલતાન બહેરામશા, જે રઝીયાને માટે કોઇ પરાયો ન હતો, માત્ર ઓરમાન ભાઇજ હતો, તેણે રાજ્યમાં ઢંઢેરો પીટાવી દીધો કે 'રઝીયા અને એના ધણીને કોઇ આશરો આપશે તેને રાજ્યનાં ગુનેહગાર ગણવામાં આવશે. વળી તેમને જીવતાં કે મૂએલાં આણી આપનારને ઇનામ મળશે.' એટલે આ દમ્પતીને તો પોતાની જાતને છૂપાવવી પડતી હતી. તેમનાથી ખરાં નામો પણ કોઈને કહી શકાતાં નહિ. તેઓ ભિખારી હાલતમાં આવી પડ્યાં, ફકીરી દશામાં આવી પડ્યાં.

એમનો એ પછીનો ઇતિહાસ, ઉપર કહ્યું છે તેમ ખૂબ કરૂણાજનક છે. કહે છે કે ફકીરી હાલતમાં રખડતાં રખડતાં તેમણે કુઇશાલના મુલકમાં પ્રવેશ કર્યો. ત્યાં

કેટલાક હિંદુ જાગીરદારોનું રાજ્ય હતું. તેઓએ એમને ઓળખીને પ્રથમ તો દયાથી આશ્રય આપ્યો. પરંતુ સમય જતાં વાત ફુટી અને દિલ્હીના ગુપ્તચરોએ સુલતાન બહેરામશાને બાતમી પહોંચાડી દીધી. થોડે દિવસે બહેરામશાનાં માણસો આવ્યાં અને હિંદુ જાગીરદારોને કાંઇક મહેનતાણું–બદલો આપીને આ દમ્પતીને દિલ્હી પકડી ગયાં !

અને પછી એ વહાલા ઓરમાન ભાઇએ શું કર્યું ? તેણે તરતજ એમનો વધ કરાવ્યો ! પોતાની સાવકી બહેનનો અને તેના પતિનો વધ કરાવ્યો ! એ અકટોબર ૧૨૪૦માં બન્યું !

કોઈ કહેશે કે એ વાંચીને આજે આપણને કમકમાટી આવે છે. હા. પરતુ એ જમાનો જ એવો હતો ! રઝીયાની સાવકી મા શાહતુર્કોને શું કર્યું હતુ ? તે દિવસોમાં મિલકતને ખાતર સગાંવહાલાંઓનાં ગળાં રહેંસી નાંખવાં એ તો જાણે રમત વાત હતી ! ખુદ રાજકુટુંબમાં જ આવી ઘાતકી નીતિ પ્રવર્તતી હતી તો પછી સમાજનાં સામાન્ય કુટુંબોમા તો કેવુંક ઘોર આતતાયીપણું હશે એની તો કલ્પના જ કરવી રહી !

× × ×

આજે જેઓ દિલ્હી જાય છે અને ત્યાંથી થોડે દૂર કુતુબમિનાર અને જુનું દિલ્હી જોવા જાય છે તેને ત્યાંના ભોમિયાઓ સુલતાના રઝીયાની કબર બતાવે છે

અને તેની જ પાસે બહાર ઓટલા પર એક બીજી કબર છે. તેને માટે તેઓ કહે છે કે એ પેલા હબસી જમાલની કબર છે. એ વાતને ઈતિહાસનો કાંઇ પાયો નથી. ખુદા જાણે, એ બીજી કબર હબસી જમાલની છે કે રઝીયાને પોતાની અર્ધાંગના કરનાર યુવાન સુબા અલતુનિયાની ? રઝીયાને પરણ્યો તેમાં એ બિચારો પણ હોમાઈ ગયો. રઝીયા સાથે લગ્ન ન કર્યું હોત તો એ કદાચ જીવતો રહ્યો હોત !

પરંતુ વીરાંગનાની વિભૂતિઓ અજબ જેવી હોય છે. એનો મહિમા અપાર હોય છે. એની જ્વાળામાં બીજી બધી યે નાની મોટી જ્વાળાઓ સમાઇ જાય છે. એમનાં જીવન દરમ્યાન એ જ્વાળાઓ ભવ્યતાથી ભભૂકે છે. પણ મૃત્યુ પછી યે એની જ્યોત કદિ બુઝાતી નથી. આજે આઠસો વરસ થઈ ગયાં છતાં રઝીયા બેગમ ઈતિહાસને પાને અમર થઈને બેઠી છે. જે જમાનામાં એ થઇ ગઈ તે જમાનામાં કોઇને કદિ કલ્પના પણ આવતી ન હતી કે સ્ત્રી જાત કદિ રાજદંડ ધારણ કરી શકે ! એ જમાનામાં પ્રગટેલી રઝીયા રૂપી જ્યોત આજેય અખંડ રહેશે–અને કાળના અંતે પણ અખંડ રહેશે એમ માનવું વધારે પડતું નથી.

જય હો એ વીરાંગનાની વીર જ્યોતનો !

સમાપ્ત

સ્ત્રી:શક્તિ-ગ્રંથમાળા

સટ પાંચમો:

41 સામાજિક વાતો 0-5
42 રમુજી વાતો 0-4
43 ભલી ભાભી 0-1
44 પતિ પ્રભુ છે 0-1
45 માંદગી-માવજત 0-4
46 વાતનું વતેસર 0-1
47 ઘરેણાંનો શોખ 0-1
48 પારસી સતીઓ 0-6
49 એકાદશી 0-11
50 રાણકદેવી 0-12

આખો સટ રૂ. 2-10-0

સટ છઠ્ઠો:

51 શિવાજીની બા 0-10
52 સાસુની શિખામણ 0-1
53 કાયદાનું અજ્ઞાન 0-1
54 નામ વગરની
નવલકથા 1-8
55 નારીભિષક 0-4
56 માસિક ધર્મ 0-2
57 નવા સાથીઓ 0-2
58 વીર તારા (ભા-1) 1-8
59 ,, ,, (ભા-2) 0-12
60 ગોરમાનાં ગીતો 0-1

આખો સટ રૂ. 4-12-0

સટ સાતમો:

61 મેડમ ક્યુરી 0-12
62 સામાજિક વાતો
ભાગ. 2 0-3
63 ગુણીયલ ગૃહિણી 0-1
64 સ્ત્રી સ્વાતંત્ર્ય 0-1
65 દક્ષિણી રાંધણકળા 0-3
66 સતી જસમા 0-6
67 સંસાર દર્શન 0-6
68 ભૂમિમાતા—
આનંદ મઠ 1-8
69 બાળ વિધવા 0-2
70 સાચાં સહોદર 1-8

આખો સટ રૂ. 4-13-0

સટ આઠમો:

71 થેપડા અથવા
એક પર બીજી 0-3
72 સુકન્યા 0-2
73 વીરાંગના નીલાદેવી 0-1

બધુ પુસ્તકો તૈયાર
થાય છે.

અરર્યું !

આ તો કાંઈ સમજ પડતી નથી.

સરલા હાથમાં સોયો અને રૂમાલ લઈને બેઠી હતી. ભરતાં ભરતાં અમુક એક આંટો કેવી રીતે લેવો તેની એને સમજ પડી નહિ.

એટલે માથે હાથ દઈ ને બેઠી. બોલી—"અરરું! આ તો કાંઈ સમજ પડતી નથી."

એટલામાં

એની સખી સુશીલા આવી તેણે એને કહ્યું—"બ્હેન, એમ નિરાશ શું થાય છે? સુરતના શ્રી સાહિત્ય મંદિરમાં તેર આના મોકલી એક ભરતગુંથણની ચોપડી મંગાવી લે. પછી તને કદિ કોઈ વાતની મુશ્કેલી પડશે નહિ. ત્યાં તો આવી, સ્ત્રીઓને ઉપયોગની ઘણી ઘણી ચોપડીઓ મળે છે

શ્રી સાહિત્ય મંદિર, કેળાપીઠ, સુરત.